કુરબાનીની કથાઓ



મૂલ્ય ૭ આના

VISIT…

LANZAROTE
Caliente.com

કુરબાનીની કથાઓ

ઝવેરચંદ મેઘાણી



સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર

મુદ્રક,
અમૃતલાલ અંબાશંકર દવે
સૌરાષ્ટ્ર મુદ્રણાલય : રાણપુર

આવૃત્તિ પહેલી : ૧૦૦૦ : ૧૯૨૨
આવૃત્તિ બીજી : ૩૦૦૦ : ૧૯૨૩
આવૃત્તિ ત્રીજી : ૩૦૦૦ : ૧૯૩૧

મૂલ્ય

અસલનું : આઠ આના
ઘટાડેલું : છ આના

પ્રકાશક,
અમૃતલાલ દલપતભાઇ શેઠ
૨૬ બી, ગીબરોડ : રાણપુર

નિવેદન

'કથા ઉ કાહિની' નામનું શ્રી. રવીન્દ્રનાથ ઠાકુરનું એક પુસ્તક છે. તેમાં કવિશ્રીએ શીખ, રાજપૂત બૌધ, મરાઠા ઇત્યાદિ તવારીખોમાંથી સ્વાર્પણના ને ત્યાગના સુંદર ભાવના–પ્રસંગો વીણી લઇ પોતાના ઓજસ્વી પદ્યમાં કથાગીતો–Ballads રૂપે આલેખ્યાં છે. આ કથાગીતોની ઉચ્ચ તારીફ તાજેતરમાં જ શ્રી. જદુનાથ સરકારે છેલ્લા 'મોડર્ન રીવ્યુ'માં કરેલી છે.

ઉપર કહ્યાં કથાગીતો પૈકી પાણીદાર માલૂમ પડેલાં અઢારની ઘટનાઓ આહીં ગદ્યમાં ઉતારેલ છે. શબ્દેશબ્દ અનુવાદ નથી. જરૂર લાગી ત્યાં ત્યાં સ્વતંત્ર રંગપૂરણી કરવાની હીમત કરી છે. તે ઉપરાંતના છેલ્લા બે સંવાદો કવિશ્રીના 'નાટ્ય કવિતા' નામક સંગ્રહમાંથી છૂટી શૈલીએ ઉતાર્યા છે.

એકંદર વીસ કથાઓનું આ ઝુમખું આપણા સાહિત્યમાં સારો આદર પામ્યું છે, અનુવાદોનાં પૂરમાં ઘસડાઇ નથી ગયું, એ મારા સુખની વાત છે. પરંતુ તેથી યે વધુ સંતોષની વાત તો એ છે કે વિદ્યાર્થીઓને માટે ઇતર વાચન તરીકેની છાપ પામ્યા ઉપરાંત કેટલીએક નવભાવનાવંતી શાળાઓમાં એ પાઠ્યપુસ્તક બની શક્યું છે.

વિદ્યાર્થી જગતમાં એને સ્થાન મળ્યું છે એ એક જ વાતથી દોરાઇને આ નવી આવૃત્તિ ધરવાની હીમત કરી છે. શાળાનાં કિશોર ભાઇબ્હેનોને દૃષ્ટિ સામે રાખીને જ નવી આવૃત્તિમાં આખુ આલેખન સંસ્કારેલું છે, વાક્યો સરખાં કર્યાં છે. પ્રકાશક સંસ્થાએ પણ વિદ્યાર્થી ભાઇબ્હેનોની સગવડ ધ્યાનમાં લઇને જ પુસ્તકની કીમતમાં બે આનાનો મોટો ઘટાડો કર્યો છે.

સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર
૨૦ : ૫ : '૩૧

ઝવેરચંદ મેઘાણી

સાંકળિયું

કુરબાનીની કથાઓ

ચાર આનાની ચોપડીઓ

બહારવટીયો જોગીદાસ

ઓળીપો અને બીજી
પ્રેમ કથાઓ

સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર



" યામની એમ રમ્ય સંધ્યાકાળની સામે જોઈ રહી. "

[શ્રી. રવિશંકર રાવળના સૌજન્યથી] [પૂજારિણી : ૪ :]

પૂજારિણી



અઢી હજાર વર્ષની જૂની આ વાત છે. મગધ દેશના રાજા બિમ્બીસારે પ્રભુ બુદ્ધને એકવાર આજીજી કરી કે "હે દેવ! શ્રીચરણના નખની એક કણી મળે તો બહુજ સુખ પામીશ."

"એ કણી લઈને જગતમાં શાં શાં ધતીંગ ફેલાવવા માગો છો, ભૂપતિ?" બુદ્ધે હસીને પૂછ્યું.

"એકજ ધતીંગ, પ્રભુ! અહિંસા અને સત્ય ખાતર આત્મસમર્પણનો સંદેશ."



રાજબગીચાની અંદર એક ખુણામ, નખની એ કણી દાટીને એના ઉપર બિમ્બીસારે સુંદર સ્તૂપ ચણાવ્યો. શાદેશના કારીગરોએ આવીને સ્તૂપ ઉપર બારીક નકસી મૂકી. એ પત્થરો જાણે હમણાં બોલી ઉઠશે, પોતાના જ રૂપ ઉપર મુગ્ધ બનીને પત્થરો નાચી ઉઠશે, એવી શોભા શિલ્પકારોએ વિસ્તારી દીધી.

રોજ સાંજ પડે, ત્યારે મહારાજની મહારાણી અને રાજબાળાઓ સ્નાન કરે, શુદ્ધ વસ્ત્રો પહેરે, છાબડીમાં

ફુલો વીણે અને સોનાની થાળીમાં પૂજાની સામગ્રી ભરીને એ સ્તૂપ પાસે પધારે. સ્તૂપની આસપાસ ફુલોની માળા રાત્રિભર મ્હેકી રહે અને કનકની આરતીમાં દીવાઓની જ્યોતિ-માળા પરોડ સુધી ઝળહળી રહે.

સંધ્યાએ સંધ્યાએ નવી પૂજા, નવાં પુષ્પો, ને નવી જ્યોતિકાઓ.

વર્ષો વીત્યાં. બિમ્બીસાર રાજા મરણ પામ્યા. યુવરાજ અજાતશત્રુ સિંહાસને બેઠા. બ્રાહ્મણધર્મના એ ભક્તે નગરીમાં લોહીની નદીઓ વહેવડાવીને પિતાનો ધર્મ ઉખેડી નાખ્યો. યજ્ઞની જ્વાળાઓની અંદર એણે બૌદ્ધ ધર્મનાં શાસ્ત્રો સમર્પી દીધાં. રાજનગરીમાં સાદ પડાવ્યો કે, "ખબરદાર ! પૂજાનાં ત્રણજ પાત્રો છે : વેદ, બ્રાહ્મણ અને રાજા. ચોથા કશાનીયે પૂજા કરનારનો હું પ્રાણ લઈશ."

નગરીનાં નરનારીઓ કમ્પી ઉઠયાં. બુદ્ધના નામનો ઉચ્ચાર બંધ થયો. યજ્ઞની વેદીમાંથી ઠેરઠેર જ્વાળાઓ છુટીને ખાઉં ખાઉં કરતી આકાશમાં ચડવા લાગી.

તે દિવસની સાંજ આવી. રાજમહેલની એક દાસી ન્હાઈધોઈને તૈયાર થતી હતી; ફુલો અને દીવાઓ સજ્જ કરતી હતી. એના હોઠ ઉપર બુદ્ધદેવના નામોચ્ચાર રમતા હતા.

એ નારી તે કોણ છે ? કાં એને ભય નથી ? એણે શું રાજ-આજ્ઞા નથી જાણી ?

શ્રીમતી નામની એ દાસી. રોજ સાંજે રાજ-રમણીઓ પૂજા કરવા જાય ત્યારે આ અભણ ને અજ્ઞાન દાસી પૂજાની સામગ્રી સજ્જ કરી, હાથમાં ઉપાડી, પૂજનારીઓની સાથે જતી. જઈને આઘે એક ખુણામાં ઉભી રહેતી. કાંઈ આવડે તો નહિ, પણ આંખો મીંચીને ઉભી ઉભી રોજ એ કાંઈક બડબડયા કરતી. એની કાલીઘેલી

વાતો કેમ જાણે કોઇ અંતરિક્ષમાંથી સાંભળતું હોય, મીઠા મીઠા ઉત્તર દેતું હોય, તેમ આ દાસી છાનીછાની હસ્યા કરતી.

રાજ–આજ્ઞા એણે સાંભળી હતી.

ધૂપદીપ લઇને દાસી શ્રીમતી રાજમાતાની પાસે આવી ઉભી રહી. બોલી કે “બા, પૂજાનો સમય થયો.”

મહારાણીનું શરીર થરથરી ઉઠયું. ભયભીત બનીને એ બોલ્યાં, “નાદાન! નથી જાણતી? સ્તૂપ ઉપર ધૂપદીપ કરનારાંને શૂળી મળશે, કાં તો કાળુંપાણી મળશે. ભાગી જા રાંડ! પૂજાનું નામ હવે લેતી ના!”

શ્રીમતી પાછી વળીને રાજરાણી અમિતાને ઓરડે પહોંચી. રત્નજડિત આરસી ધરીને રાણીજી અંબોડો બાંધતાં હતાં, ને સેંથામાં છટાથી હીંગળો પૂરતાં હતાં.

શ્રીમતીના હાથમાં પૂજાની સામગ્રી જોઇને રાણીજી ઝબકયાં. હાથ હલી જવાથી એનો સેંથો વાંકોચુંકો થઇ ગયો.

શ્રીમતી કહે “રાણીજી, પૂજાનો સમય થયો.”

રાણી બોલ્યાં “સાથે સાથે મરવાનો પણ સમય થયો છે કે શું? જલદી ચાલી જા આંહીથી. કોઇ જોશે તો રાજાજીનો કોપ સળગશે, મુર્ખી! પૂજાના દિવસો તો ગયા.”

આથમતા સૂર્યની સામે ઝરૂખો ઉઘાડીને રાજકુમારી શુકલા એકલાં પડયાં પડયાં કવિતાનું પુસ્તક વાંચવામાં મગ્ન હતાં. ઝાંઝરનો ઝણકાર સાંભળીને બારણા સામે જુએ, ત્યાં તો શ્રીમતી!

“કુંવરી બા! ચાલો પૂજા કરવા.”

“જા રાંડ, તું મરવા.”



નગરને બારણે બારણે શ્રીમતી રખડી. પોકાર કર્યો કે "હે નગરનારીઓ ! પ્રભુની પૂજાનો સમય થયો. ચાલો. શું કોઇ નહિ આવો ? રાજાજીની શું આટલી બધી બીક ? પ્રાણ શું આટલા બધા વહાલા ?"

કોઇએ બારણાં બીડી દીધાં, કોઇએ શ્રીમતીને ગાળો દીધી. કોઇ સાથે ચાલ્યું નહિ. શ્રીમતી એ રમ્ય સંધ્યાકાળની સામે જોઇ રહી. દિશાઓમાંથી ઉંચે ઉભું ઉભું જાણે કોઇ કહે છે કે "સમય જાય છે, પુત્રી શ્રીમતી ! પૂજાનો સમય જાય છે." શ્રીમતીનું મ્હોં પ્રકાશી ઉઠયું. એ ચાલી.

દિવસની છેલ્લી પ્રભા અંધકારમાં મળી ગઇ. માર્ગ આખો નિર્જન અને અંધકારમય બન્યો. લોકોનો કોલાહલ ધીરે ધીરે બંધ પડયો. રાજાજીના દેવાલયમાંથી આરતીના ડંકા સંભળાયા. રાત પડી. શરદના અંધકારમાં અનંત તારાઓ ઝબુકી ઉઠયા. દ્વારપાળે રાજમહેલનાં બારણાં બંધ કરી બૂમ પાડી કે "કચેરી ખલ્લાસ."

એ મોડી રાતે રાજમહેલના પહેરેગીરો એકાએક કેમ ચમકી ઉઠયા ? એમણે શું જોયું ? ચોર ? ખૂની ? કે કોઇ ભૂતપ્રેત ?

ના, ના ! એમણે જોયું કે રાજબગીચાને એક ખુણે, ગાઢ અંધકારની અંદર, બુદ્ધદેવના સ્તૂપની ચોપાસ કોઇક દીપમાળા પ્રગટાવી રહ્યું છે.

ખુલ્લી તલવાર લઇને નગર–રક્ષકો દોડતા આવ્યા. સ્તૂપ પાસે જઇને જુએ છે તો એક સ્ત્રી સ્તૂપની સામે ઘુંટણપર પડીને બેઠી છે. એની બીડાયેલી આંખો અને કાંઇક બડબડી રહેલા હોઠ ઉપર એક હાસ્ય ફરકી રહેલું છે. અંતરિક્ષમાં તને એ કોણ મિત્ર મળ્યો હતો, ઓ તરૂણી ?


નગરપાલે આવીને એ ધ્યાનમગ્ન શરીરને ઢંઢોળ્યું સવાલ કર્યો કે "મૃત્યુને માથે લઈ આંહી આરતી કરનારી ઓ રંડા ! કોણ છે તું ?"

"હું શ્રીમતી : બુદ્ધ ભગવાનની દાસી."

ઉઘાડી તલવાર એ રમણીની ગરદન પર પડી. સ્તૂપનો એ પવિત્ર પાષાણ તે દિવસે લોહીથી ભીંજાઇને વધુ પવિત્ર બન્યો.

શરદ ઋતુની એ નિર્મળ રાત્રિએ, રાજબાગના એ ખુણાની અંદર, એકાકી ઉભેલા એ સ્તૂપને શરણે, આરતીની દીપકમાલાનો છેલ્લો દીવો ઓલવાઇ ગયો; પણ પેલી મરનારીના અંતરની જ્યોત તો જુગજુગાન્તર સુધી યે નહિ બુઝાય.





શ્રેષ્ઠ ભિક્ષા

"શ્રાવસ્તી નગરીનાં ઓ નરનારીઓ! જાગો છો કોઇ ? આંખો ઉઘાડશો ? બુદ્ધપ્રભુને માટે હું ટહેલ નાખી રહ્યો છું. ભિક્ષા આપશો ?"

આખી નગરી નિદ્રામાં પડેલી છે. શ્રાવસ્તીપુરીની ગગન-અડતી અટારીઓ ઉપર પરોઢીઆની ઝાંખી પ્રભા રમે છે. દેવાલયોમાં વૈતાલિકોનાં પ્રભાત-ગાન હજુ નથી મંડાયાં. સૂર્ય ઉગશે કે નહિ ઉગે એવા સંદેહથી કોયલ હજુ ધીરૂં ધીરૂં જ ટૌકી રહી છે.

એ કોણ છે ? આવા વખતે, આથમી જતા તારાઓના ઝાંખા પ્રકાશમાં, નગરીના માર્ગેમાર્ગે અને શેરીએ શેરીએ એ કોણ ટેલી રહ્યું છે ? પ્રભુ ગૌતમને નામે કોણ ભીખ માગી રહ્યું છે ? મેઘગર્જના સમાન એ કોનું ગળું ગુંજે છે !

એ તો શ્રી બુદ્ધપ્રભુનો શિષ્ય; ભિખ્ખુ અનાથપિંડદ.

સૂતેલાં સ્ત્રીપુરુષો એ સૂર સાંભળી સળવળ્યાં. સંન્યાસીનો સાદ કાન માંડી સાંભળ્યો. ભિખ્ખુએ ફરી પોકાર્યું: "સુણો ઓ લોકસંઘ ! વર્ષાની વાદળીઓ પોતાના

દેહપ્રાણુ ગાળીગાળીને જગતમાં જળ આપે છે. ત્યાગ-ધર્મ એ જ સકળ ધર્મોનો સાર છે, ઓ ભવી જીવો ! ”

કૈલાસનાં શિખર પરથી દૂરદૂર સંભળાતા, ભૈરવોના મહાસંગીત સમી એ ભિખ્ખુની વાણી પ્રભાતની કાગા-નીંદરમાં પોઢેલાં લોકોને કાને કાને ગુંજવા લાગી.

સૂતેલાં સ્ત્રીપુરુષો બેઠાં થયાં. રાજા જાગીને વિચાર કરે છે કે વ્યર્થ છે આ રાજદૌલત : ગૃહસ્થો ભાવે છે કે મિથ્યા છે આ આળપંપાળ : ને કોમલ દિલની રમ-ણીઓ તો દિલમાં દ્રવી જઇ અકારણુ આસુડાં પાડી રહી છે. ભોગીજનો ભાવી રહ્યા છે કે ઓહ ! આ અમનચમન આખરે તો કેવાં છે ! ગઇ રાતે પહેરેલી ફુલમાળનાં પ્રભાતે છુંદાએલાં સૂકાએલાં ફુલો જેવાં જ ને

ઉંચી ઉંચી અટારીઓનાં દ્વાર ઉઘડયાં. અંધારા પંથ ઉપર આંખો ચોળીને સહુ કૌતૂકથી નિહાળી રહ્યાં. સૂના રાજ-માર્ગ ઉપર એક નિદ્રાહીન ભિખારી ઝોળી ફેરવતો, ‘જાગો ! ભિક્ષા આપો !’ એવા સવાલ નાખતો એકલો ચાલ્યો જાય છે.

ઓહો ! આ તો પ્રભુને દાન દેવાની સુભાગી ઘડી : એ ઘડી કોણુ અભાગી ભૂલે ?

રમણીઓએ મુઠ્ઠીઓ ભરીભરી રત્નો વેર્યાં, કોઇએ કંઠનાં આભૂષણો તોડીતોડી ફેંકયાં, તો કોઇએ વેણીનાં મોતી ચુંટીચુંટી ધરી દીધાં. લક્ષ્મીના વરસાદ વરસ્યા. વસ્ત્રાભૂષણોથી રાજમાર્ગ છવાઇ ગયો.

પરંતુ ભિખ્ખુનો પોકાર તો ચાલુ જ રહ્યો : ‘ગૌતમ-પ્રભુ માટે ભિક્ષા આપો !’ તે ચાલ્યો. આભૂષણો અને લક્ષ્મીનાં પૂર વચ્ચે થઇને તે ચાલ્યો. તેનું પાત્ર તો ખાલી જ હતું.

ઓ અજબ ભિખ્ખુ ! તને શાની ભૂખ રહી ? તારે શું જોઇએ ? પ્રભુની શી ઇચ્છા છે ?

'આ નગરીનાં ઓ નરનારીઓ ! તમારો પ્રભુ મણિ-મુક્તાનો ભૂખ્યો ન હોય, તમારો પ્રભુ સુંદર વસ્ત્રાભૂષણો ન વાંછે. ફકીરોના પણ એ ફકીરની ભૂખ અનેરી છે. એને તો તમારૂં સર્વશ્રેષ્ઠ દાન જોઈએ છે."

ચકિત બનેલાં નરનારીઓ, નિઃશ્વાસ નાખતાં નિહાળી રહ્યાં. બુદ્ધપ્રભુનો ભિખ્ખુ ખાલી ઝોળી સાથે નગરનો દરવાજો વટાવી ગયો. નિર્જન અરણ્યમાં પણ જાણે વન-ચરોને, પશુપક્ષીઓને, વૃક્ષોને સંભળાવતો હોય તેમ તે પોકારતો જ રહ્યો : 'ગૌતમપ્રભુને માટે ભિક્ષા આપો!'

ધોમ મધ્યાહ્ન તપી રહ્યો હતો. તે ટાણે આ નિર્જન અરણ્યમાં કોણ બોલ્યું ? કોણે ઉત્તર આપ્યો ? ત્યાં જુઓ, એક કંગાલ સ્ત્રી ભોંય પર સૂતી છે. એને અંગે નથી આભૂષણ, નથી ઓઢણ. એના દેહ ઉપર એક જ વસ્ત્ર વીંટેલું છે. ક્ષીણ કંઠે એ બોલી: "હે ભિક્ષુ ! ઉભા રહેજો ! એ દેવના પણ દેવને આ રંક નારીની આટલી ભેટ ધરજો.'

એમ કહેતી એ નારી પાસેના ઝાડની ઓથે ભરાઇ ગઇ : અને ઝાડની પાછળ પોતાના આખા દેહને સંતાડી માત્ર એક હાથ બહાર કાઢ્યો. એ હાથમાં શું હતું ? તેના નગ્ન શરીરને ઢાંકનારો પેલો એકનો એક ટુકડો.

ફાટેલું વસ્ત્ર એણે ભિક્ષુની ઝોળીમાં ફગાવ્યું.

"જય હો ! જગત આખાનો જય હો ! મહાભિખ્ખુનું હૃદય આજે ધરાવાનું. આજે ગૌતમનો અવતાર સફળ થયો. જય હો, ઓ જગજ્જનની !"

જૂના ને ફાટેલા એ વસ્ત્રને શિર ઉપર ધરી, બુદ્ધદેવના ખોળામાં ધરાવવા માટે ભિક્ષુ ચાલ્યો ગયો.



ફુલનું મૂલ

શિયાળાના દિવસો હતા. કડકડતી શીતમાં ફુલો સુકાઇ ગયેલાં. કુંજોમાં અને બગીચામાં ફુલઝાડ બધાં શિશુ-હીન માબાપ જેવાં ઉદાસ ઉભાં હતાં.

પણ પેલું સરોવર કોનું ? એ સરોવરની વચ્ચોવચ્ચ એક કમળ ઉઘડેલું છે. એ તો સુદાસ માળીનું સરોવર. એવું ફુલ તો વસંતમાં પણ ન ખીલે.

સુદાસ આનંદથી છલકાઇ ઉઠ્યો. એના મનમાં થયું કે "રાજાજીને આજે આ ફુલ ભેટ કરી આવીશ. ફુલોના શોખીન રાજાજી આજે અકાળે આ કમળ જોઇને મને મોંમાગ્યાં મૂલ આપશે."

વાયુનો એક હલોળો વાયો; કમળે જાણે ખુશખુશાલ બનીને છેલ્લો હીંચકો ખાધો; માથા ઉપરથી એક કોયલ બોલતી ગઇ. માળીએ માન્યું કે મંગળ શકુન થયાં.

સહસ્ર પાંખડીનું એ ફુલ લઇને સુદાસ રાજમહેલની સામે વાટ જોઇ ઉભો છે. રાજાજીને સમાચાર કહેવરાવ્યા છે. હમણાંજ રાજા બોલાવશે. મૂલનો લોભી સુદાસ એ ફુલની શી શી જતના કરી રહ્યો હતો ! એની પાંખડી ઉપરથી ઝાકળનું એક બિન્દુ પણ સુદાસે નીચે પડવા નથી દીધું.

એટલામાં જ રસ્તે એક આદમી નીકળ્યો. કમળને જોતો જોતો એ પુરુષ પાસે આવ્યો. સુદાસને પૂછ્યું કે "ફુલ વેચવાનું છે ?"

"રાજાજીને ધરવાનું છે." સુદાસે ટુંકો ઉત્તર દીધો.

"મારે તો રાજાના પણ રાજાજીને ધરવા મન છે. આજે બુદ્ધદેવ પધાર્યા છે. બોલો, શું દામ લેશો?"

"પણ હું એક *માષા સુવર્ણની આશા કરીને નીકળ્યો છું."

"કબૂલ છે."

ત્યાં તો નોબત ગડગડી. શરણાઇનો સૂર આવ્યો. કુંકુમચંદનના થાળ માથે મેલીને રમણીઓનું વૃંદ ગીતો ગાતું ચાલ્યું આવે છે. રાજા પ્રસન્નજીત પગે ચાલતા બુદ્ધદેવને દર્શને ઉપડયા છે. નગરની બહાર પ્રભુ ગૌતમ પધાર્યા છે.

કમળ જોઈને રાજા હર્ષ પામ્યા. મનમાં થયું કે પ્રભુના પૂજનમાં આજે પુષ્પનીજ ઉણપ હતી તે પૂરી થશે. રાજાજીએ પૂછ્યું કે "ફુલનું શું મૂલ લઇશ, સુદાસ?"

સુદાસ કહે, "મહારાજ! ફુલ તો આ સજ્જને રાખી લીધું."

"કેટલી કીંમતે?"

"એક માષા સુવર્ણ."

"હું દશ માષા દઉં."

રાજાજીને માથું નમાવીને પેલો પુરુષ બોલ્યો કે "સુદાસ, મારા વીશ માષા."

રાજાજીનું મોં પડી ગયું. તેમનું હૃદય જરા દુભાયું. પેલો પુરુષ બોલ્યો, "મહારાજ! હું અને આપ બન્ને પ્રભુ બુદ્ધના દર્શને ચાલ્યા છીએ. મારે પણ આ પુષ્પ પ્રભુના ચરણેજ ધરવાનું છે. આ પુષ્પને માટે આજ આંહી આપણે રાજાપ્રજા રૂપે નથી ઉભા, એ ભક્તો રૂપે ઉભા છીએ. રોષ કરશો મા, હે સ્વામી! આજે ભક્તિનાં પૂર દુનિયાદારીની મર્યાદા માનતાં નથી."

---

* સોનું તોળવાનું પ્રાચીન કાલનું માપ.

હસીને રાજાજી બોલ્યા, "ભકતજન! હું રાજી છું. સુખેથી માગણી કરો. તમે વીશ માષા કહ્યા, તો મારા ચાળીશ."

"તો મારા.................."

એટલું બોલવા જાય ત્યાં તો સુદાસ બોલી ઉઠયો: "માફ કરજો મહારાજ! માફ કરજો સજ્જન! મારે આ ફુલ વેચવું જ નથી." એટલું કહીને એણે દોટ મૂકી. બન્ને ભકતો ચકિત નજરે જોઇ રહ્યા.

સુદાસ માળી ફુલ લઇને નગર બહાર નીકળ્યો. એકલો ઉભો ઉભો વિચારે છે કે જે બુદ્ધદેવને ખાતર આ ભક્તો આટલું દ્રવ્ય ખરચે, એ પુરુષ પોતે કેટલા ધનવાન હશે? કેટલા દિલાવર હશે? એને આ ફુલ આપું તો કેટલું બધું દ્રવ્ય મને મળશે!

પદ્માસન વાળીને વડલાને છાંયે બુદ્ધ બેઠેલા છે. ઉજ્જવળ લલાટ: મ્હોં પર આનંદ: હોઠમાંથી સુધા ઝરે છે: આંખમાંથી અમી ટપકે છે: જેવો વાદળાંનો ઘેરો ગંભીર ઘરઘરાટ, તેવીજ એ તપસ્વીની વાણીનો નિર્મળ નાદ છે.

સુદાસ સ્તબ્ધ બનીને ઉભો. એના મ્હોંમાંથી ઉચ્ચાર પણ નથી નીકળતો. એ તો જોઇ રહ્યો છે પેલા સાધુ સામે.

ભોંય ઉપર બેસીને સુદાસે એ પરમ તપસ્વીના પગ આગળ કમળ ધરી દીધું. વડલાની ઘટામાંથી પંખીઓએ ગાન કર્યું. વાયુની એક લહરી વાઇ, કમળની પાંદડીઓ ફરફરીને હસવા લાગી. સુદાસને શકુન ફળ્યાં.

હસીને બુદ્ધે મીઠે સ્વરે સવાલ કર્યો: "હે વત્સ! કાંઇ કહેવું છે? કાંઇ જોઇએ છે?"

ગદ્‌ગદ્‌ સ્વરે માળી બોલ્યો કે "કંઇયે નહિ. તમારી ચરણરજની માત્ર એકજ કણી."



સાચો બ્રાહ્મણ

સરસ્વતી નદીના કિનારા ઉપર એક દિવસ સાંજ પડતી હતી. કિનારે ગૌતમ ઋષિનો આશ્રમ હતો.

જંગલમાં છાણાં લાકડાં લેવા ને ફળફૂલ વીણવા ગયેલ બટુકો પાછા આવી પહોંચ્યા છે. તપોવનની ગાયો ચરીને આશ્રમે આવી છે. કિલકિલાટ કરતા બ્રહ્મચારીઓ ન્હાઇ-ધોઇને ઋષિજીની આસપાસ પોતપોતાનાં આસન પાથરી ટપોટપ બેસી ગયા છે. વચમાં હોમનો અગ્નિ પ્રગટાવેલો છે. અનંત આકાશમાં પણ એ સાંજને ટાણે, કોઇ શાંત મહર્ષિની આસપાસ, ન્હાનાન્હાના સુકુમાર તારાઓની મંડળી, શિષ્યમંડળીની માફક ચુપચાપ કેમ જાણે હવન કરવા બેસી ગઇ હોય તેવો દેખાવ છે.

હોમાગ્નિમાં ઘી હોમાતું ગયું તેમ અગ્નિની જ્વાળાઓ તપોવનની ઉપર ઝઝુકી ઉઠી. અરણ્યમાં આઘે આઘે–કેટલે આઘે–એ જ્યોતિનાં દર્શન કરીને વટેમાર્ગુઓ ચાલતાં હતાં. એવે સમયે આશ્રમને બારણે આવીને એક બાળક લપાતો લપાતો ઉભો રહ્યો. ન્હાના ન્હાના હાથની ગુલાબી હથેળીઓની અંદર અર્ધ્ય લીધેલું છે. પાસે આવીને એ બટુકે ઋષિજીને ચરણે હાથમાંનાં ફળફૂલ ધરી દીધાં. બહુ જ ભક્તિભર્યા પ્રણામ કર્યા.

ઋષિએ એ નવા અતિથિની સામે સ્નેહમય નજર કરી. કોકિલકંઠે બાળક બોલ્યો, "ગુરૂદેવ! મારૂં નામ

સત્યકામ : મારૂં ગામ કુરુક્ષેત્ર : મારી માએ મને બ્રહ્મવિદ્યા શીખવા મોકલ્યો છે."

હસીને બ્રહ્મર્ષિ મીઠી વાણીમાં બોલ્યા, "કલ્યાણ થાઓ તારૂં, હે સૌમ્ય ! તારૂં ગોત્ર કયું બેટા ? તને ખબર નહિ હોય કે બ્રહ્મવિદ્યા તો માત્ર બ્રાહ્મણના બાળકનેજ શીખવાય."

ધીરે સ્વરે બાળકે કહ્યું, "મારા ગોત્રની તો મને ખબર નથી, મહારાજ ! હું મારી માને જઇને પૂછી આવું ? પૂછીને તરતજ પાછો આવીશ."

આતૂર બાળક એટલું કહીને ગુરૂને નમન કરી ચાલી નીકળ્યો. સાંજેજ ચાલી નીકળ્યો. અંધારામાં એકલોજ ચાલ્યો, જંગલ વીંધીને ગયો. વનનાં પશુઓની ત્રાડો એને થરથરાવી ન શકી. આશ્રમમાં જઇને ભણવાની એની બડી આતૂરતા હતી.

નદીને કિનારે ગામ હતું. ગામને છેડે પોતાની માનું ઝુંપડું હતું. બાળક ત્યાં પહોંચ્યો. ઘરમાં ઝાંખો દીવો બળે છે, ને એની મા જબાલા બારણામાં ઉભીઉભી દીકરાની વાટ જુએ છે.

છાતી સાથે ચાંપીને માએ પૂછ્યું, "ઋષિએ શું કહ્યું, બેટા !"

સત્યકામ કહે, "માડી ! ઋષિજી તો પૂછે છે કે તારૂં ગોત્ર કયું ? બ્રહ્મવિદ્યા તો બ્રાહ્મણનેજ ભણાવાય. બોલ, માડી ! આપણું ગોત્ર કયું ?"

એ સાંભળીને માતાનું મ્હોં શરમથી નીચું ઢળ્યું. કોમળ કંઠે એ દુ:ખી નારી બોલી, "બેટા ! મારા પ્રાણ ! આ તારી મા એક વખત જુવાન હતી. ગરીબીની પીડામાં પડી હતી. તારે કોઇ બાપ હતોજ નહિ. દેવતાઓની મેં બહુ પ્રાર્થના કરી. દેવતાઓએ દયા કરીને

તને મારે પેટે જન્મ આપ્યો. તારે ગોત્ર ક્યાંથી હોય, વ્હાલા ! તારે બાપ જ નહોતો."



તપોવનની અંદર બીજા દિવસનું સુંદર સવાર પડ્યું. એ વૃદ્ધ વડલાને છાંયડે વૃદ્ધ ઋષિજી બેઠા છે. એમને વીંટળાઈને પીળાં વસ્ત્રોવાળા બટુકો બેસી ગયા છે. તાજું સ્નાન કરેલું તેનાં જળબિન્દુઓ એ બટુકોની જટામાંથી ઝરી રહેલ છે. તપોવનના પુણ્યની નિર્મળ કાંતિ એ કુમારોનાં મ્હોં ઉપરથી કિરણો કાઢી રહી છે. વડલા ઉપર પંખીઓ ગાય છે, ચોપાસનાં ફુલો ઉપર ભમરાઓ ગાય છે, સરસ્વતીનો પ્રવાહ ગાય છે, ને આશ્રમના કુમારો બધા એક સાથે શાંત સામવેદની ગાથાઓ ગાય છે. એ ચતુરંગી ગાન કેવું ? એકલી બેઠીબેઠી કુદરત ચોતારૂં કોઈ વાજીંત્ર બજાવી રહી હોય તેવું.

તપોવનના અનેક બટુકો જ્યારે કુદરતના વાજીંત્રની સાથે સૂર મેળવી સંગીત ગાઈ રહ્યા છે, ત્યારે સરસ્વતીને તીરે ચાલ્યો આવતો પેલો સત્યકામ શાં શાં રૂદન કરી રહ્યો છે ? એના મનમાં થાય છે કે " રે, હું ગોત્રહીન ! મારે કોઈ બાપ નહિ : જગતમાં હું કેવળ એક આકાશમાંથી ખરી પડેલો તારો ! હું માત્ર સત્યકામ. અર્થહીન એક શબ્દ ! આ મારા જેવા જ અનેક કુમારો આંહી ગાન કરી રહ્યા છે. ઋષિ એને ખોળામાં બેસાડે છે, છાતી સાથે દાબે છે, ચુંબન કરે છે. બટુકોની આ મંડળીમાં પગ મૂકવાનું મારે માટે બંધ છે. હું ગોત્રહીન !"

શરમાતો શરમાતો એ બાળક આઘે ઉભો રહ્યો. ઋષિજીની નજર પડી, સત્યકામને બોલાવ્યો:

"આંહી આવ, બેટા ! તારૂં ગોત્ર કયું, હે સુંદર બાળક ?"

બાળકે નીચું વળેલું મસ્તક ઉંચું કર્યું. એની કાળી કાળી બે મોટી આંખોની પાંપણો આસુથી ભીંજાઇ. એ બોલ્યો,

"મહારાજ ! માએ રડીને કહ્યું કે મારે કોઇ પિતા નહોતો. માએ દેવતાની બહુ ભક્તિ કરેલી, એટલે દેવતાઓએ એ ગરીબ માને પેટે મને જન્મ દીધો. મારે કોઇ ગોત્ર જ નથી."

બટુકોની મંડળીમાં હસાહસ ચાલી. મધપૂડા ઉપર પત્થરનો ઘા થાય ને જેમ માખીઓ બણબણી ઉડે, તેમ વિદ્યાર્થીઓમાં કોલાહલ ફેલાયો.

કોઇ મશ્કરી કરતો કરતો સત્યકામની સામે હસે છે.

કોઇ કહે છે કે, "અરરર! એને બાપજ નહિ."

કોઇ બોલ્યો, "ધિઃકાર છે. એને ગોત્ર જ ન મળે."

કોઇ કહે, "શું મોઢું લઇને એ આંહી પાછો આવ્યો?"

કોઇ કહે, "ગુરૂજી એની સાથે કાં વાતો કરે?"


સત્યકામની આંખોમાંથી અશ્રુની ધાર ચાલી. મશ્કરી સાંભળીને એના માથામાં એકજ અવાજ ગાજી રહ્યો કે

"હું પિતાહીન, હું ગોત્રહીન."

ઋષિના કાન મંડાયા છે પેલા બટુકોના ટિખળ તરફ; ઋષિની આંખો ચોટી છે આ નબાપા બાળકના સુંદર ચહેરા તરફ; બ્રહ્મર્ષિનું હૃદય વિચારે છે કે "ધન્ય છે, હે સત્યવાદી બાળક!"

આસન ઉપરથી આચાર્ય ઉભા થયા. બાહુ પસારીને એમણે એ રડતા બાળકને આલિંગન કર્યું. વેદિની પાસે એને ખેંચી લીધો ને કહ્યું, "તું ગોત્રહીન નહિ, તું પિતાહીન નહિ, તું અબ્રાહ્મણ નહિ, હે બેટા! તુંજ શુદ્ધ બ્રાહ્મણ. તારા ગોત્રનું નામ સત્યગોત્ર. એ નામ કદાપિ ભૂલીશ નહિ, હો તાત!"

સ્તબ્ધ બનીને બટુકો જોઇ રહ્યા. એમનાં મોઢાં નીચાં નમ્યાં. તપોવનમાં એક બ્રહ્મચારી વધ્યો. ગુરૂદેવનો સૌથી વધારે વ્હાલો બાળ એ સત્યકામ બન્યો.



અભિસાર

મથુરા નગરીના ગઢની રાંગે એક સંન્યાસી સૂતેલા છે. એનું નામ ઉપગુપ્ત.

શ્રાવણ મહિનાની ઘોર રાત્રી જામતી હતી. નગરના દીવા પવનને ઝપાટે ઝપાટે બુઝાતા હતા. ગામના દરવાજા ધીરે ધીરે બંધ થવા લાગ્યા. નગરને કાંગરે દીવા નથી, ઘનઘોર આકાશમાં તારા યે નથી.

એકાએક એ સૂતેલો સંન્યાસી અંધારામાં કેમ ઝબકી ઊઠયો? ઝાંઝરના ઝંકાર કરતો એ કોનો મધુર ચરણ એની છાતી સાથે અફળાયો?

ક્ષમાથી ભરપૂર એ યોગીની આંખો ઉપર એક ગુપ્ત દીવાનું આસમાની અજવાળું પડયું. એ કોણ હતું?

એ તો મથુરાપુરીની સર્વશ્રેષ્ઠ નટી પેલી વાસવદત્તા: આજ અંધારી રાત્રે કોઇ પ્રિયતમની પાસે જવા નીકળી છે. એના આસમાની ઓઢણાની અંદરથી યૌવન ફાટફાટ થતું તોફાને ચડયું છે. અંગ ઉપર આભૂષણો રણઝણી રહેલાં છે. મદોન્મત્ત એ રમણી આજ તો વળી વ્હાલાને ભેટવા સારૂ ભાન ભૂલેલી છે. પૂર જોશમાં ધસ્યે જાય

અંધારામાં એના કોમલ પગ સાથે સંન્યાસીનું શરીર અફળાયું. વાસવદત્તા થંભીને ઉભી રહી.

ઓઢણાના છેડામાં છુપાવેલો ઝીણો દીવો ધરીને એ સુંદરી સાધુના મ્હોં સામે નિહાળી રહી, સુકુમાર ગોર કાંતિ : હાસ્યભરી એ તરૂણાવસ્થા : નયનોમાં કરૂણાનાં કિરણો ખેલે છે : ઉજ્જવળ લલાટની અંદર જાણે ચંદ્રની શીતળ શાંતિ દ્રવે છે: શાં અલૌકિક રૂપ નીતરતાં હતાં !

હાય રે રમણી ! આવું રૂપ આજે ધરતી ઉપર રગદોળાય છે. એને ઢાંકવાં પૂરા વસ્ત્રો પણ નથી. તું શું જોઇ રહી છે ? શામાં ગરક થઇ ગઇ છે, નારી ? પગ ઉપાડ, પગ ઉપાડ. રાજમહેલનો નિવાસી કોઇ પ્રેમી તારી વાટ જોતો ઝરૂખામાં ઉભો તલખતો હશે.

સંન્યાસીના ચરણ સ્પર્શીને વાસવદત્તા દીન વચને બોલી: "હે કિશોર કુમાર ! અજાણ્યે આપને વાગી ગયું. મને માફ કરશો ?"

કરૂણામય કંઠે સાધુ બોલ્યા, "કાંઇ ફિકર નહિ. હે માતા ! સુખેથી સીધાવો. તમારે વિલંબ થતો હશે."

તોયે આ અભિસારિકા કાં હટતી નથી ? એના પગ કોણે ઝાલી રાખ્યા છે ?

ફરીવાર એ દીન અવાજે બોલી: "હે તપસ્વી ! આવું સુકોમલ શરીર આ કઠોર ધરતી ઉપર કાં રગદોળો છો ? નિર્દય લોકોએ કોઇએ એક સુંવાળું બિછાનું યે ન કરી આપ્યું ?"

સાધુએ અબોલ રહીને હસ્યા જ કર્યું.

"મારે ઘેર પધારશો ? એકાંતમાં પથારી કરી આપીશ. પધારો, હું પાછી વળું."

"હે લાવણ્યના પુંજ ! આજે તો જેનો વારો છે તેની પાસે જ જઇ આવો, એક દિવસ મારો પણ વારો આવશે

ત્યારે હું વિના બોલાવ્યો તમારી કુંજમાં ચાલ્યો આવીશ. આજે તો સીધાવો જેને કોલ દીધો છે તેની પાસે."

એટલી વારમાં તો અંધારેલાં વાદળાં તૂટી પડયાં. આકાશનું હૃદય ચીરીને વિજળી જાણે ઘર છોડી અભિસાર કરવા નીકળી પડી. ઘોર ગર્જના થઈ. જાણે પ્રલયના શંખ વાગ્યા. ત્રાસથી એ રમણી કંપી ઉઠી. કોને માલુમ છે કે ક્યાં સુધી એ કોમલાંગી ભીંજાણી હશે, થરથર કમ્પી હશે, ને રડી હશે? એનો અભિસાર એ રાત્રિયે અધૂરો રહ્યો.



શ્રાવણ મહિનો વીતી ગયો. ત્યાર પછી તો ઘણાએ મહિના આવ્યા ને ગયા. ચૈત્ર માસની સાંજ પડતી હતી. વ્યાકુળ બનીને વાયુ જાણે કોઇને ભેટવા ચાલ્યો હતો. માર્ગ પરનાં તરૂવરોને કુંપળો ફુટી હતી. રાજાજીના બગીચામાં આજે બોરસલ્લી અને પારિજાતકનાં અપરંપાર ફુલો મ્હેકી ઉઠયાં છે. અને નગરીનાં તમામ નરનારીઓ આજે મધુવનમાં વસંતોત્સવ કરવાં ગયાં છે. નિર્જન એ નગરીના ઝરૂખાઓમાં ડોકિયાં કરીકરીને આકાશનો ચંદ્ર મલકી રહ્યો છે. દૂરદૂરથી ગળાઇને બંસીના સ્વરો આવે છે. ચંદ્રના એ અજવાળાની અંદર, નિર્જન રાજમાર્ગ ઉપર એ કોણ ચાલ્યો જાય છે? એ તો પેલો સંન્યાસી ઉપગુપ્ત. સંન્યાસી રાત્રિયે કાં રખડે? દૂરદૂરથી બંસીના સ્વરો આવે : માથા ઉપર વૃક્ષોની ઘટામાં કોયલ ટહુકે : સામે ચંદ્ર હસે : આજે એ તપસ્વીની અભિસાર-રાત્રિ આવી પહોંચી કે શું?

નગર છોડીને તપસ્વી ગઢની રાંગે રાંગે ચાલ્યો. અજવાળું વટાવીને આંબાની અંધારી ઘટામાં પેઠો. એકાએક એના પગ થંભ્યા. એ પગની પાસે શું પડયું હતું?

દુર્ગંધ મારતું એક માનવ-શરીર: અંગના રોમેરોમમાં શીતળાનો દારૂણ રોગ ફાટી નીકળેલો છે. આખો દેહ

લોહીપરૂમાં લદબદ થઇ ગેગી ગયો છે. કાયા સળગીને જાણે કાળી પડી ગઇ છે.

ગામના લોકોએ એ ચેપી રોગમાં પીડાતી કોઇ બિચારી સ્ત્રીને ઘસડીને નગરની બહાર નાખી દીધેલી છે.

પાસે બેસીને સંન્યાસીએ એ બિમારનું માથું ઉપાડી ધીરે ધીરે પોતાના ખોળામાં મેલ્યું. 'પાણી પાણી'નો પોકાર કરતા એ બે હોઠ ઉપર શીતળ પાણી રેડ્યું. કપાળ ઉપર પોતાનો સુકોમળ શીતળ હાથ મેલીને શાંતિનો મંત્ર ગાયો. ચંદનનો લેપ લઇને એ સડેલા શરીરને અંગે પોતાને હાથે મર્દન કર્યું. ને પછી દર્દીને મધુર અવાજે પૂછ્યું કે "કાંઇ આરામ મળે છે, ઓ સુંદરી?"

"તમે કોણ, રે દયામય? તમે ક્યાંથી આવ્યા?" દુર્બળ અવાજે દર્દીએ પ્રશ્ન કર્યો. એની આંખોમાંથી આંસુની ધારા છુટી.

મંદ મંદ મુખ મલકાવીને સાધુ કહે છે: "ભૂલી ગઇ, વાસવદત્તા! શ્રાવણ માસની ઘનઘોર રાત્રિયે આપેલો કોલ શું યાદ નથી આવતો? આજે મારા અભિસારની આ મીઠી રાત્રિ આવી છે, ઓ વાસવદત્તા!"

આંબાની ઘટામાંથી મંજરીઓ ઝરી. કોયલ ટહૂકી. ચંદ્ર મલક્યો. યોગીનો અભિસાર ઉજવાયો.





વિવાહ

રાતનો બીજો પહોર જામતો ગયો તેમ તેમ શરણાઇઓમાંથી બીહાગના સૂર નીકળવા લાગ્યા. ઢોલનગારાંનો કોલાહલ બંધ છે. માયરાની નીચે છેડાછેડી બાંધેલ વરકન્યા આંખો નમાવીને સપ્તપદીના મંત્રો સાંભળી રહ્યાં છે. ચોપાસના ઝરૂખાઓની બારીઓ ખોલીખોલીને નગરની રમણીઓ ઘુમટાનાં ઝીણાં બાકોરાંમાંથી વર-કન્યાને જોઇ રહી છે. આષાઢના નવમા દિવસની એ ઝરમર ઝરમર વરસતી રાત્રિયે, ધીરૂં ધીરૂં આકાશ ગરજે છે, ને ધરતી ઉપર ધીરી ધીરી શરણાઇ બોલે છે. એ કોણ પરણતાં હતાં ?

એક ક્ષત્રિય રાજા પરણતો હતો. મેવાડ મંડળેશ્વરનો એક માંડળિક, મેડતાનો તરૂણ રાજા. શરણાઇના એકલા સૂર ક્ષત્રિયના વિવાહમાં નહિ તો બીજે કયાં વાગે ?

ઇશાન ખુણામાંથી વાયુના સૂસવાટા વાય છે. આકાશની છાતી ઉપર વાદળાં ઘેરાય છે. માયરામાં મણિજડિત ઝુમ્મરો લટકે છે, દીવાઓ જાણે એ મણિઓની અંદર પોતાનાં હજારો પ્રતિબિમ્બો નિહાળી નિહાળીને નાચી રહ્યા છે.

જ્યોતિઓથી ઝળહળતા એ લગ્નમંડપમાં અચાનક કોણ વિદેશી આવીને ઉભો રહ્યો ? દરવાજે આ રણભેરી કોણે બજાવી ! આ ગઢના નગારા પર ડાંડી કેમ પડી ?

જાનૈયાઓ વિજળીના ચમકારાની જેમ ખડા કેમ થઇ ગયા ! તલવાર ખેંચીને ક્ષત્રિઓ વરકન્યાની આસપાસ કાં વીંટળાઇ વળ્યા ! કોઇ યમદૂત આવી પહોંચ્યો કે શું ?

ના; એ તો મારવાડરાજનો દૂત આવ્યો છે. વરરાજાના હાથમાં એક લોહીથી છાંટેલો કાગળ મેલે છે અને સંદેશો સંભળાવે છે કે “ દુશ્મનો મારવાડમાં આવીને ઉભા છે, મરધરપતિ રામસિંહ રણે ચડી ચુકયા છે. જોધાણનાથે કહાવ્યું છે કે, હે માંડળિકો ! હથીઆર લઇને હાજર થજો. બોલો “રાણા રામસિંહનો જય ! ”

મેડતાનો રાજા માયરામાં ઉભો ઉભો ગરજી ઉઠયો કે “જય, રાણા રામસિંહનો જય.” એની ભ્રુકૂટી ખેંચાઇ ગઇ અને કપાળપર પરસેવાનાં બિન્દુ જામ્યાં. પરણતી કન્યાની નમેલી આંખોમાં આંસુ છલછલ થાય છે. એનું અંગ થરથર થાય છે. પુરુષ પોતાની પરણેતરની સામે ત્રાંસી એક નજર નાખવા જાય ત્યાં તો દૂત બૂમ પાડી ઉઠયો કે “ રાજપૂત, સાવધાન ! હવે સમય નથી. ” એ ભીષણ અવાજથી આખો મંડપ જાણે કમ્પી ઉઠયો, દીવાની જ્યોતો જાણે થંભી ગઇ.

“ અશ્વ લાવો, રે કોઇ દોડો ! અશ્વ લાવો.” રાજાએ સાદ કર્યો. ચાર નેત્રો મળી ન શકયાં. મુખમાંથી વિદાયનો એક ઉચ્ચાર પણ ન કરી શકાયો. એ વીરની છાતીમાંથી આંસુ ઉઠયાં તે આંખોને ખુણે આવીનેજ પાછાં વળી ગયાં. હણહણતો અશ્વ આવી પહોંચ્યો. એનો એ લગ્ન–મુગટ, એની એ ગુલાલભરી આંગડી, હાથમાં એનો એ મંગળ મીંઢોળ: ને રાજા અશ્વ પર ચડી ચાલી નીકળ્યો. કન્યા તો ઘોડાના ડાબલા સાંભળતી રહી. મંડપના દીવા મણિમાળામાં પોતાનાં મ્હોં નિહાળતા રહ્યા, પુરોહિતનો મંત્રોચ્ચાર અરધે આવીને ભાંગી ગયો અને શરણાઇના સૂરો શરણાઇના હૈયામાં જ સમાયા. અધૂરી રહેલી સપ્તપદી હવે કયારે પૂરી થવાની હશે ?

કન્યાને અંતઃપુરમાં લાવીને માએ રડતાં રડતાં કહ્યું: "અભાગણી દીકરી! પાનેતર ઉતારી નાખ. મીંઢોળ છોડી નાખ. ગયેલો ઘોડેસ્વાર હવે ક્યાંથી પાછો આવે?

કુમારી કહે, "પાનેતર ઉતારવાનું કહેશો નહિ માડી! ને બાંધ્યા મીંઢોળ હવે છુટવાના નથી. આ વેશે જ હું હમણાં મેડતાપુરને માર્ગે ચાલી નીકળીશ. ચિંતા કરશો નહિ, મા! રજપૂત પાછો આવ્યા વિના રહેશે નહિ. અધૂરા રહેલા ફેરા ત્યાં જઇને ફરી લેશું."

પુરોહિતે આવીને આશીર્વાદ દીધો. દુર્વાનાં પવિત્ર તરણાં સાથે બંધાવ્યાં. નગરની નારીઓનાં મંગળ ગીત સાંભળતી સાંભળતી રાજકુમારી વેલડીમાં બેઠી. સાથે રંગીન વસ્ત્રો પહેરીને દાસદાસીઓ નીકળ્યાં.

માતા બચ્ચી ભરીને કહે છે કે "બેટા! આવજે હો!"

એની આંખમાં આંસુ સમાયાં નહિ.

બાપુ માથે હાથ મેલીને બોલ્યા કે "દીકરી! આવજે હો!" એણે મ્હોં ફેરવી લીધું.

છાનીમાની એણે આંખો લૂછી. ઘૂઘરીઆળી વેલ્ય, ધુળના ગોટા ઉરાડતી પાદર વળોટી ગઇ, નદીને પહેલે પાર ઉતરી ગઇ, સ્મશાનની પડખે થઇને નીકળી ગઇ. માબાપ જોઇ રહ્યાં. એ જાય! એ દેખાય! એ આકાશમાં મળી જાય! એ શરણાઇનો સૂર સંભળાય.

અધરાત થઇ, અને મેડતાપુરીના દરવાજા પાસે મશાલોનો પ્રકાશ ઝળહળી ઉઠયો. શરણાઇઓના ગેહકાટ સાથે રાજકુમારી આવી પહોંચી.

નગરને દરવાજે પ્રજાજનોની મેદની જામેલી છે. સહુનાં અંગ ઉપર સફેદ વસ્ત્રો છે.

પ્રજાજનો બૂમ પાડી ઉઠયા કે "શરણાઇ બંધ કરો."

શરણાઇ બંધ પડી. દાસદાસીઓએ પૂછ્યું કે "શી હકીકત છે?"

નગરજનો બોલી ઉઠયા, "મેડતાના રાજા આજે યુદ્ધમાં મરાયા. આંહી એની ચિતા ખડકાય છે. હમણાં એને અગ્નિદાહ દેવાશે."

કાન માંડીને રાજકુમારીએ વાત સાંભળી. આંસુનું એક ટીપું પણ એ બે આંખોમાંથી ટપક્યું નહિ. વેલડીનો પડદો ખોલીને કુમારીએ હાકલ મારી, "ખબરદાર! શરણાઇ બંધ કરશો મા! આજે અધૂરાં લગ્નો પૂરાં કરશું, છેડાછેડીની જે ગાંઠ બંધાઇ છે તેને ફરી ખેંચી બાંધશું, આજે સ્મશાનના પવિત્ર અગ્નિદેવની સમક્ષ, ક્ષત્રિઓની મહાન મેદિની વચ્ચે સપ્તપદીના બાકી રહેલા મંત્રો બોલશું."

"બજાવો શરણાઇ, મીઠા મીઠા સૂરની બધી યે રાગણીઓ બજાવી ક્યો."

ચંદનની ચિતા ઉપર મેડતા–રાજનું મુર્દું સૂતું છે. માથા પર એનો એ લગ્ન–મુગટ: ગળામાં એની એ વરમાળા: કાંડા ઉપર એનો એ મીંઢોળ: વિવાહ વખતનું એ મૃદુ હાસ્ય હજુ હોઠ ઉપર ઝલકી રહ્યું છે. મૃત્યુએ એ વરરાજાની કાંતિનું એક કિરણ પણ નથી ઝુંટી લીધું. સૂતેલો વરરાજા શું કન્યાની વાટ જોતો જોતો મલકી રહ્યો છે?

વેલ્યમાંથી રાજકુમારી નીચે ઉતર્યાં. છેડાછેડી બાંધીને વરરાજાના ઓશીકા આગળ બેઠાં. સૂતેલા સ્વામીનું માથું ખોળામાં લીધું. સપ્તપદીનો ઉચ્ચાર આરંભ્યો.

નગરની નારીઓનાં વૃંદ આવીને મંગળ ગીતો ગાય છે, પુરોહિત 'ધન્ય, ધન્ય' પુકારે છે. ચારણો વીરાંગનાનો જયજયકાર બોલાવે છે, અને ભડભડાટ કરતી ચિતા સળગી ઉઠે છે.

જય હો એ ક્ષત્રિ જુગલનો.



માથાનું દાન

કોશલ દેશના મહારાજાની તોલે તો કોઇ ન આવે. દુ:ખીને એ શરણ દેનારા અને દીનના એ પિતામાતા. એવાં એનાં યશોગાન ગવાતાં. પ્રભાતે એનું નામ લઈને લોકો પાવન થતાં.

કાશી નગરીની અંદર એક દિવસ ઉત્સવ હતો. દેવાલયોમાં ઘંટારવ થાય છે, લોકોનાં ટોળેટોળાં ગીત ગાય છે કે "જય કોશલપતિ!" સાંજને ટાણે સ્ત્રીઓએ પોતાના આંગણામાં દીપમાળા પ્રગટાવી છે.

કાશીરાજ પૂછે છે, "આ બધી શી ધામધુમ છે?"

"પ્રધાન કહે કે કોશલના ધણીનો આજે જન્મ દિવસ છે."

"મારી પ્રજા કોશલના સ્વામીને શા માટે સન્માન આપે?"

"મહારાજ! પુણ્યશાળી રાજા માત્ર પોતાના મુલકમાં જ નહિ, પણ જગત આખાના હૃદય ઉપર રાજ કરે છે. એની માલીકીને કોઇ માટીના સીમાડા ન અટકાવી શકે."

"એ...એ...મ !" કાશીરાજે દાંત ભીંસ્યા. ઇર્ષ્યાથી એનું હૃદય સળગી ઉઠયું.

ચુપાચુપ એકવાર કાશીની સેનાએ કોશલ ઉપર છાપો માર્યો. સેનાને મોખરે કાશીરાજ પોતે ચાલ્યા.

સેના વિનાનો એ નાનો રાજા કોશલેશ્વર બીજું શું કરે ? ખડગ ધરીને રણે ચડયો, હાર્યો, લજ્જા પામીને જંગલમાં ગયો. પોતાને નગર પાછા આવીને કાશીરાજ વિજયોત્સવની રાહ જોઇ ઉભા રહ્યા.

"કોશલનું આખું રાજ મેં કબજે કર્યું છે. એની રિદ્ધિ-સિદ્ધિ મારી પ્રજા ભોગવશે. એ દેશના ઉચ્ચ હોદ્દાઓ ઉપર મારી રૈયતનાં માણસોને બેસાડીશ." એવા વિચારોમાં કાશીરાજ હરખાતો વરઘોડાની વાટ જોતો રહ્યો.

પ્રજાએ હાહાકાર કરી મૂકયો. ઘેરઘેર તે દિવસે શોક પળાયો. રાજાની ઇર્ષ્યાનો ભડકો વધુ ભીષણ બન્યો. દેશ-દેશમાં એણે પડો વજડાવ્યો કે "કોશલરાજનું માથું કોઇ લાવી આપે તો એને સવામણ સોનું આપું. દેશોદેશમાં 'ધિક્કાર ! ધિક્કાર !' થઇ રહ્યું.

જંગલમાં એક ભિખારી ભટકતો હતો. એની પાસે આવીને એક દિવસ મુસાફરે પૂછયું, "હે વનવાસી ! કોશલ દેશનો રસ્તો કયો ?"

ભિખારીએ નિ:શ્વાસ નાખી કહ્યું, "હાય રે અભાગી દેશ ! ભાઇ, એવું તે શું દુ:ખ પડયું છે કે તું બીજા સુખી મુલક છોડીને દુ:ખી કોશલ દેશમાં જાય છે ?"

મુસાફર બોલ્યો, " હું એક ખાનદાન વણિક છું. ભર-દરીએ મારાં બારે વહાણ ડુબી ગયાં છે. મારે માથે કરજનું કલંક છે. મન તો ઘણુંયે થાય છે આપઘાત કરવાનું, પણ કરજ ચુકવ્યા સિવાય કેમ મરાય ? હે વનવાસી ! એટલા માટે હું કોશલના ધણી પાસે જઇને મારી કથની કહીશ.

એની મદદ લઇ ફરી વેપાર જમાવીશ. કમાઇને કરજ ચુકાવીશ."

એ સાંભળીને પેલા ભિખારીનું મ્હોં જરાક મલકયું. તરત એની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં.

એ બોલ્યો, "હે મુસાફર! તારો મનોરથ પૂરો થશે. મારી સાથે ચાલીશ?"

બન્ને જણ ચાલ્યા. કાશીનગરમાં પહોંચ્યા. રાજસભામાં દાખલ થયા. એ જટાધારી ભિખારીના મ્હોં ઉપર કોઇ રાજવી કાંતિ ઝલકતી હતી. કાશીરાજની આંખો એ કંગાળ ચહેરા ઉપર ચોંટી. એણે પૂછ્યું, "કોણ છો? શા પ્રયોજને આંહી આવેલ છો?"

ભિખારી કહે, "હે રાજન્! સુખસમાચાર દેવા આવ્યો છું."

"શું?"

"કોશલરાજનું માથું લાવનારને આપ શું દેશો?"

"ક્યાં છે? ક્યાં છે? લાવ જલદી. સવા મણ સોનું આપું, અઢી મણ સોનું આપું. ક્યાં છે એ માથું?"

"રાજાજી! અઢી મણ સોનું આ વણિકને જોખી આપો, અને સુખેથી આ માથું વાઢી લો."

રાજા સ્તબ્ધ બનીને કોઇ પત્થરની પ્રતિમા સરખો આંખો ફાડી રહ્યો.

"નથી ઓળખતા, કાશીરાજ? એટલામાંજ શું ભૂલી ગયા? ઝીણી નજરે નિહાળી લો, આ કોશલરાજનું જ મોઢું કે બીજા કોઇનું?"

"કોશલના સ્વામી! હું આ શું જોઉં છું?"

"સ્વપ્ન નહિ, રાજા! સત્ય જુઓ છો. ચાલો, જલદી ખડગ ચલાવો. આ વણિકની આબરૂ લુંટાય છે."

ઘડીવાર તો કાશીરાજ અબોલ બની બેસી રહ્યા. પછી એણે મ્હોં મલકાવીને કહ્યું : "વાહ વાહ, કોશલપતિ! મારૂં આટઆટલું માન-ખંડન કર્યું, ને હજી યે શું માથું દઈને મારા પર વિજય મેળવવાની આ જુક્તિ જમાવી છે કે! ના, ના; હવે તો આપની એ બાજીને હું ધૂળ મેળવીશ. આજના નવીન રણસંગ્રામમાં તો હું જ તમને હરાવીશ."

એટલું કહી, એ જર્જરિત ભિખારીના મસ્તક પર કાશીરાજે મુગટ પહેરાવ્યો. એને પોતાની બાજુએ સિંહાસને બેસાર્યો. ઉભા થઇ, સન્મુખ જઇ, અંજલિ જોડી કહ્યું : "હે કોશલરાજ ! રાજ તો પાછું આપું છું, પણ વધારામાં મારૂં હૃદય પણ ભેટ ધરૂં છું. બદલામાં તમારૂં માથું લઉં છું : પણ ખડગની ધાર પર નહિ, મારા હૈયાની ધાર પર."





રાણીજીના વિલાસ

કાશીનાં મહારાણી કરૂણા એક સો સહીઅરોની સાથે આજ નહાવા નીકળેલાં છે. વરૂણા નદીનાં નિર્મળાં નીર છલછલ કરતાં વ્હેતાં હતાં. અને માહ મહિનાનો શીતળ પવન સૂ સૂ કરતો વાતો હતો.

નગરથી આઘે આઘેના એ નદીઘાટ ઉપર આજે કોઇ માનવી નથી. પાસે કેટલાક ગરીબ લોકોનાં ઝુંપડાં છે. રાજાજી-ની આજ્ઞા હતી કે રાણીજી સ્નાન કરવા પધારે છે, માટે સહુ બહાર નીકળી જાઓ. એ કારણે ઝુંપડાં નિર્જન પડયાં હતાં.

ઉત્તર દિશાના પવને આજ નદીને પાગલ બનવી છે. પાણીની અંદર સવારનો સોનેરી પ્રકાશ પીગળી રહ્યો છે. છલછલ અવાજે નાચ કરતી ચાલી જતી નદી જાણે કોઈ એક નટી જેવી દિસે છે : જેના ઓઢણામાંથી લાખલાખ હીરા ને માણેક ઝળહળ ઝળહળ થઇ રહેલ છે.

રમણીઓ નહાય છે. અંતઃપુરના બંદીખાનેથી છુટેલી એક સો સખીઓ આજે શરમનાં બંધન શી રીતે માને? એ એક સો કંઠના કલકલ ધ્વનિ, હાસ્યના ખડખડાટ, સુકોમળ હાથના છબછબ અવાજ, અને મીઠા વાતાલાપ: નદી જાણે એ બસો હાથની થપાટો ખાઇને પાગલ બની, આકાશમાં જાણે શોર મચ્યો.

નહાઇને મહારાણી કાંઠે આવ્યાં; બૂમ પાડીને બોલ્યાં કે “અલી, કોઇ દેવતા સળગાવો. હું ટાઢમાં થરથરૂં છું.”

સો સખીઓ છુટી, અને ઝાડની ડાળીઓ ઝાલીને તાણુવા લાગી. પણ એ સુકોમળ હાથમાં એક પણ ડાળ ભાંગવાની તાકાત ક્યાંથી હોય ? રાણીજીએ બુમ મારી, "અલી ! જુવો આ સામે ઉભાં ઘાસનાં ઝુંપડાં. એમાંથી એક ઝુંપડાને દીવાસળી લગાવો. એના તાપમાં હું હાથપગનાં તળીઆં તપાવી લઇશ."

માલતી નામની દાસી કરૂણ કંઠે બોલી, " રાણી મા ! આવી મશ્કરી તે હોય ! એ ઝુંપડીમાં કોઇ સાધુસંન્યાસી રહેતા હશે. કોઇ ગરીબ પરદેશી રહેતાં હશે. એ બિચારાંના એક ન્હાના ઘરને પણ સળગાવી દેશો ? "

"ઓહો, મોટાં દયાવંતાં બા !" રાણીજી બોલ્યાં; "છોકરીઓ ! હાંકી કાઢો આ દયાળુની દીકરીને. અને સળગાવી દો એ ઝુંપડું. ટાઢમાં મારા પ્રાણ નીકળી જાય છે."

દાસીઓએ ઝુંપડાને દીવાસળી મેલી દીધી. પવનના સૂસવાટાની અંદર જ્વાળા ભભુકી. પાતાળ ફોડીને નીકળેલી અંગાર મય નાગણીઓ જેવી એ મદોન્મત્ત સ્ત્રીઓ ગાનગર્જન કરતી કરતી માતેલી બની ગઇ.

પ્રભાતનાં પંખીઓએ પોતાના કિલકિલાટ બંધ કર્યા. ઝાડ ઉપર કાગડા ટોળે વળીને ચીસો પાડવા લાગ્યા. એક ઝુંપડેથી બીજે ઝુંપડે દા લાગ્યો. જોતજોતામાં તો બધાં ઝુંપડાં બળીને ભસ્મ થયાં.

અરૂણરંગી રેશમી સાડીના પાલવડા ફરફરાવતાં રાણીજી, રમતાં ખેલતાં, સખીઓની સાથે પાછાં વળ્યાં.

રાજાજી ન્યાયાસન પર બેઠેલા હતા. પોતાનાં ઝુંપડાંને રાણીજીની ટાઢ ઉરાડવા માટે આગ લાગી ગઇ, એટલે ગૃહહીન બનેલાં ગરીબ લોકોએ રાજસભામાં આવી કકળાટ કરી મૂકયો. રાજાજીએ વાત સાંભળી. એની મુખમુદ્રા લાલચોળ થઇ ગઇ. તત્કાળ પોતે અંતઃપુરમાં પધાર્યા.

"રાણીજી ! અભાગણી પ્રજાનાં ઘરબાર બાળી ખાખ કર્યાં તે કયા રાજધર્મ અનુસાર ?" રાજાજીએ પ્રશ્ન કર્યો.

રીસાઇને રાણી બોલ્યાં, "શા હિસાબે એ ગંદાં ઝુંપડાં-ને તમે ઘરબાર કહો છો! એ પચીસ ઝુંપડાંનું કેટલું મૂલ? રાજા–રાણીના એક પ્રહરના અમનચમનમાં કેટલું દ્રવ્ય ખરચાય છે, રાજા ?"

રાજાની આંખોમાં જવાળા સળગી. રાણીને કહ્યું, "જ્યાંસુધી આ રાજવી ઝરૂખામાં બિરાજ્યાં છો ત્યાં સુધી નહિ સમજાય કે કંગાળનાં ઝુંપડાં બળી જાય તો કંગાળને કેટલું દુ:ખ ! ચાલો, હું તમને એ વાત બરાબર સમજાવું."


રાજાજીએ દાસીને બોલાવી આદેશ દીધો કે "રાણીના રત્નાલંકારો કાઢી નાખો. અંગ ઉપરનું સુકોમળ ઓઢણું ઉતારી લ્યો."

અલંકારો ઉતર્યા. રેશમી ઓઢણું પણ ઉતર્યું.

"કોઇ ભિખારી નારીનાં વસ્ત્રો લાવી પહેરાવો." રાજાએ હુકમ કર્યો.

દાસીએ આજ્ઞાનુસાર કર્યું, રાજાજી રાણીનો હાથ ઝાલીને રાજમાર્ગ ઉપર લઇ ગયા. ભરમેદિની વચ્ચે કહ્યું કે "કાશીનાં અભિમાની મહારાણી ! નગરને બારણે બારણે ભીખ માગતાં માગતાં ભટકજો. એ ભસ્મીભૂત ઝુંપડાં ફરીવાર ન બંધાવી આપો ત્યાંસુધી પાછાં ફરશો મા. વરસ દિવસની મુદત આપું છું. એક વરસ વીત્યે ભરસભામાં આવીને માથું નમાવી પ્રજાને કહેજો કે થોડીએક કંગાલ ઝુંપડીઓને સળગાવી નાખવામાં જગતને કેટલી હાનિ થઇ !"

રાજાજીની આંખોમાં આંસુ છલકાયાં. રાણીજી એ ભીખારિણીને વેશે ચાલી નીકળ્યાં. તે દિવસે રાજાજી ફરી ન્યાયાસન પર બેસી શકયા નહિ.



પ્રભુની ભેટ

આખા દેશની અંદર ભક્ત કબીરની કીર્તિ વિસ્તરી ગઇ. સાધુસંતો એનાં ભજનોની ધૂન મચાવી ઠેરઠેર મસ્તી જગવતાં.

કબીરજીની ઝુંપડીએ અપરંપાર લોકો આવવા લાગ્યાં.

કોઇ આવીને કહેશે "બાબા, એકાદ મંત્ર સંભળાવીને મારૂં દરદ નિવારોને !"

કોઇ સ્ત્રીઓ આવીને વિનવશે કે "મહારાજ! પાયે પડું; એક દીકરો અવતરે એવું વરદાન દો ને !"

કોઇ વૈષ્નવજન આવીને આજીજી કરશે કે, "ભકતરાજ, પ્રભુનાં સાક્ષાત દર્શન કરાવોને !"

કોઇ નાસ્તિક આવીને ધણધણાવશે કે: "ઓ ભકત-શિરોમણિ! દુનિયાને ઠગો નહિ. પ્રભુ પ્રભુ કૂટી મારો છો, તે એક વાર પ્રત્યક્ષ પ્રમાણથી સાબીત તો કરો કે પ્રભુ છે !"

સહુની સામે જોઇને ભક્તરાજ મધુર હાસ્ય કરતા, ને માત્ર આટલું જ બોલતા કે " રામ! રામ! રામ! "

મોડી રાત થાય ને માણસોના ટોળાં વીંખાય, ત્યારે ભક્તરાજ એ નિર્જન ઝુંપડીમાં એકલા બેસી ઇશ્વરનું આરાધન કરતા, એની બન્ને આંખોમાંથી આંસુની ધારા વહેતી, ને ગદ્‌ગદ્‌ સ્વરે એ પ્રભુને કહેતા કે "હે રામ! મેં તો જાણ્યું કે તેં દયા કરીને મને કંગાલ યવનને ઘેર જન્મ આપ્યો, કે જેથી મારી આગળ કોઇએ નહિ આવે, મને કોઇ નહિ બોલાવે, સંસાર ધિઃકાર દઇને મને એકલો મેલશે, ને સહુનો તરછોડેલો હું તારી પાસે આવીને શાંત કીર્તન કર્યા કરીશ, તું અને હું બેય જણા છાનામાના મળશું. પણ રે હરિ! આવી કપટબાજી શા માટે આદરી! મને શા અપરાધે છેતર્યો? તુંજ, હે નિષ્ઠુર માયાવી! તુંજ આ ટોળેટોળાંને છાનોમાનો મારી ઝુંપડી દેખાડી રહ્યો છે. મને સતાવવા મારે આંગણે માણસોને બોલાવીને તું કયાં ભાગી જાય છે, હે ધૂતારા! "

આમ રૂદન કરતાં કરતાં આખી રાત વીતી જતી.

નગરીના બ્રાહ્મણોની અંદર ભયાનક કોલાહલ ઉઠયો. બ્રાહ્મણો બોલ્યા કે "ત્રાહિ! ત્રાહિ! એક મુસલમાન ધૂતારાના મ્હોંમાં હરિનું પવિત્ર નામ! એ ખળના પગની રજ લઇને લોકો ભ્રષ્ટ થાય છે! અરેરે! હડહડતો કલિયુગ આવી પહોંચ્યો; પૃથ્વી હવે પાપનો ભાર કયાં સુધી ખમી રહેશે? "

બીજો બ્રાહ્મણ બોલ્યો, " ધરતી માતાને ઉગારવી હોય તો ઇલાજ કરો, જલદી ઇલાજ કરો. નહિ તો ધરતી રસાતાળ જશે. "

બ્રાહ્મણોએ ઇલાજ આદર્યા. એક હલકી સ્ત્રીને બોલાવી, હાથમાં રૂપીઆની ઢગલી કરીને કહ્યુ કે " એ ભગતડાનો

ભરબજારે ભવાડો કરજે." સ્ત્રી બોલી કે "આજેજ બતાવી દઉં."

પોતાની શાળામાં પાણકોરૂં વણીને ભક્તરાજ એક દવસે બજારમાં વેચવા નીકળ્યા. ચારે બાજુથી બ્રાહ્મણો આવીને ગોઠવાઇ ગયા છે. અચાનક પેલી બાઇ દોડી આવી. ચોધારાં આંસુ પાડતીપાડતી એ કબીરને વળગી પડી. ડુસ્કાં ખાતી ખાતી બોલવા લાગી કે "રોયા ભગતડા, મને અબળાને આવી રીતે રખડાવવી હતી કે? શું જોઇને તે દિવસ વચન આપી ગયો હતો ? વિના વાંકે મને રખડતી મૂકીને તેં સાધુનો વેશ સજ્યો. હાય રે ! મારા પેટમાં મૂકવા એક મુઠી અનાજ પણ ન મળે. અંગ ઢાંકવા એક ફાટેલ લુગડું યે નહિ. હે ભગવાન! આવા ધૂતારાની જગતમાં પૂજા થાય છે!"

ભકતરાજ લગારે ચમકયા નહિ. જરાયે લજ્જા પામ્યા નહિ. એનું પવિત્ર મુખારવીંદ તો મલકાતું જ રહ્યું.

પલવારમાં તો બ્રાહ્મણોએ કળકળાટ કરી મેલ્યો કે "ધિઃક્કાર છે ધૂતારા ! ધર્મને નામે આવાં ધતીંગ ? ઘરની બાયડી ભડભડતે પેટે ભીખ માગી રહી છે, અને તું લોકોને પ્રભુને નામે ઠગીને અમનચમન ઉડાવી રહ્યો છે ? ફિટકાર છે તને, ફિટકાર છે તારા અંધ સેવકોને !"

મલકાતે મુખે કબીરજી બોલ્યા, "હે નારી ! સાચેસાચ મારો અપરાધ થયો છે. મારે આંગણે અન્નજળ હોય ત્યાં સુધી હું તને ભુખી નહિ રહેવા દઉં. મને માફ કર, ચાલો ઘેરે !"

લોકોના ધિઃકાર સાંભળતા સાંભળતા સાધુવર એ સ્ત્રીનો હાથ પકડીને ચાલ્યા. બજારમાં કોઇ હસે, કોઇ ગાળો દે, કાંકરા ફેંકે, તો યે ભક્તરાજ તો હસતાજ રહ્યા. આજ એની આંખોમાં કોઇ નવીન નૂર ઝળકતું હતું. શેરીએ શેરીએ સ્ત્રીપુરુષો ટોળે વળ્યાં. પગલે પગલે

શબ્દો સંભળાયા કે, "જોયો આ સાધુડો ? જગતને ખૂબ છેતર્યું !"

ઝુંપડીએ જઈને કબીરજીએ બાઈને મીઠે શબ્દે આદર કરી બેસાડી. એની આગળ જમવાનું ધરીને સાધુવર હાથ જોડી બોલ્યા, "બહેન ! ગભરાઈશ નહિ, શરમાઈશ નહિ. મ્હારા વ્હાલા હરિએ જ આજ તને આ ગરીબને ઘેર ભેટ કરી મોકલી છે." સાધુવર એમ કહીને એ નારીને નમ્યા.

એ અધમ નારીનું હૃદય એક પલવારમાં પલટી ગયું. જુઠાં આંસુ ચાલ્યાં ગયાં, સાચાં આંસુની ધારા છૂટી. એ બોલી કે "મને ક્ષમા કરો ! પૈસાના લોભમાં પડીને મેં મહાપાપ કરી નાખ્યું, મહારાજ ! હું આપઘાત કરીને મરીશ."

"ના, રે ના, બહેન ! મારે તો આજ લીલાલ્હેર થઈ. હરિએ મારો ઠબકો બરાબર સાંભળ્યો. લોકો હવે મને સુખે બેસવા દેશે. આપણે બન્ને આંહી હરિનાં કીર્તનો ગાશું. તું ગભરાતી નહિ."

ભક્તરાજે જોતજોતામાં તો એ અધમ જીવાત્માને ઉંચે લઇ લીધો. દેશભરમાં વાત વિસ્તરી કે "કબીરીઓ એક પાંખડી દુરાચારી છે."

કબીરજી એ વાત સાંભળીને માથું નીચે નમાવે છે, ને બોલે છે કે, "વાહ પ્રભુ ! હું સહુથી નીચે, બરાબર તારા ચરણ આગળ."

રાજાજીના માણસોએ એક દિવસ આવીને કહ્યું કે, "ભકતરાજ ! પધારો, તમને રાજાજી યાદ કરે છે."

ભક્ત માથું ધુણાવીને બોલ્યા કે "બાપુ, રાજદરબારમાં મ્હારૂં સ્થાન ન હોય."

"રાજાજીનું અપમાન કરશો તો અમારી નોકરી જશે, મહારાજ."

"બહુ સારૂં ! ચાલો, હું આવું છું."

પેલી બહેનને સાથે લઇને કબીર રાજસભામાં આવ્યા. સભામાં કોઇ હસે છે, કોઇ આંખના ઇસારા કરે છે, કોઇ માથું નીચે ઢાળે છે.

રાજા વિચારે છે કે અરેરે ! આ જોગટો બેશરમ બનીને બાઇડીને કાં સાથે ફેરવે ?

રાજાની આજ્ઞાથી પહેરેગીરે ભક્તને સભાની બહાર હાંકી મૂકયા. હસીને ભક્ત ચાલ્યા ગયા.

રસ્તામાં એ સંત ઉપર લોકોએ બહુ વીતકો વીતાડયાં. પેલી રમણી રડી પડી. ભક્તને ચરણે નમીને બોલી, "હે સાધુ ! મને દૂર કરો ! હું પાપણી છું. તમારે માથે મેં બહુ દુઃખ ઉતાર્યાં."

સાધુ હસીને કહે, "ના રે માતા ! તું તો મ્હારા રામની દીધેલી ભેટ છે. તને હું કેમ છોડું ?"





વીર બંદો

પંચ સિંધુઓને કિનારે, પંજાબની વીરભૂમિ ઉપર એક દિવસ યુદ્ધનાદ ઉઠ્યા કે 'ગુરૂકા ફતેહ : વાહી ગુરૂકા ફતેહ! જય ગુરૂજીનો : જય ગુરૂજીનો!'

નગરે, ગામડે અને ઝુંપડેઝુંપડે એ ગુરૂમંત્ર ઝીલાયો. પ્રત્યેક જીભ ઉપર એ ઘોષણાનો પડઘો પડયો. જોતજોતામાં તો એકેએક શીખ જાગી ઉઠયો. માથાના લાંબા કેશ સમારીને એણે વેણી બાંધી. કમર પર કિરપાણ લટકાવ્યાં. વ્હાલાં સ્વજનોની માયા મમતા ઉતારી; અને વૈરીજનોનો, વિપત્તિનો, મોતનો ડર વિસાર્યો. હજારો કંઠમાંથી ભભકતી જયઘોષણાએ દસે દિશાઓને ધણધણાવી દીધી. શીખ કોમના બચ્ચાઓ પોતાની નવજાગૃતિના સૂર્ય સામે અનિમેષ નયને નિહાળી રહ્યા.

"અલખ નિરંજન! અલખ નિરંજન! અલખ નિરંજન!"

'અલખ નિરંજન' નો એ બુલંદ લલકાર ઉઠે છે, દુનિયા સાથેના સ્નેહગાંઠોનાં બંધનો તૂટે છે, ભય બધા

ભાંગી પડે છે. હજારો છાતીઓની સાથે ઝન ઝન ઝંકાર કરતાં ખુશખુશાલ કિરપાણો અથડાઇ રહ્યાં છે. પંજાબ આખો ગરજી ઉઠયો છે કે "અલખ નિરંજન !"

એ એક એવો દિવસ આવ્યો છે, કે જ્યારે લાખો આત્માઓ પરિણામની પરવા છોડી જન્મભૂમિનાં કરજ પતાવવા ચાલી નીકળે; જીવન અને મૃત્યુને પોતાના ચરણોનાં ચાકરો બનાવી નાખે, ચિત્તને ચિંતાવિહીન કરી મૂકે. એવો એક દિવસ આજે પંચ–સિંધુને કિનારે આવી પહોંચ્યો છે.

દિલ્હીના શાહી મહેલની સુખશય્યામાં તે વખતે બાદશાહની આંખ મળતી નથી. જરીક ઢળતાં પોપચાં ઝબકી ઝબકીને ઉઘડી જાય છે. બાદશાહ તાજ્જુબ બની રહ્યો છે. આ ઘોર મધરાત્રિયે એ કોના કંઠ ગગન ઘુમ્મટને ગજાવે છે ! એ કોની મશાલો આકાશના લલાટ પર આગ લગાડી રહી છે! એ કોનાં દબકટક દિલ્હી નઝર ઉપર કદમ દેતાં આવે છે !

પંચ–સિંધુના કિનારા પર શું આ શીખ દેશભક્તોનાં રૂધિર છોળે ચડયાં છે?

માળામાંથી પાંખો પસારીને નીકળતાં પક્ષીઓની માફક વીર હૈયાં આજે લાખો છાતીઓ ચીરીને જાણે પાંખો ફફડાવતાં નીકળી પડયાં છે. પંચ–સિંધુને તીરે આજે જનેતાઓ બેટાઓનાં લલાટ પર પોતાની ટચલી આંગળીનાં લોહી કાઢી તિલક કરે છે.

તે દિવસે મોગલો ને શીખો વચ્ચે મરણનાં આલિંગન ભીડાયાં. એક બીજાએ સામસામી ગર્દનો પકડી. અંગેઅંગના આંકડા ભીડયા. ગરૂડ–સાપનાં જાણે જીવલેણ જુદ્ધ મંડાયાં. ગંભીર મેઘનાદે શીખબચ્ચો પુકારે છે કે "જય ગુરૂ ! વાહી ગુરૂ !" રક્તતરસ્યો મદોન્મત્ત મોગલ 'દીન ! દીન ! દીન !' ના લલકાર કરે છે.

ગુરૂદાસપુરના ગઢ ઉપર શીખ સરદાર બંદો મોગલોના હાથમાં પડયો. તુરાની સેના એને દિલ્હી તેડી ગઇ. સાતસો શીખો પણ એની સાથે ચાલી નીકળ્યા.

મોખરે મોગલ સેના ચાલે છે, અને એના માર્ગની ડમરી ઉડીને આકાશને ઢાંકે છે. મોગલોનાં ભાલાં ઉપર શીખોનાં મસ્તક લટકે છે. પાછળ સાતસો શીખો આવે છે, અને એના પગની સાંકળો ખણુખણાટ કરતી જાય છે. દિલ્હી નગરીના માર્ગ ઉપર માણસો સમાતાં નથી. ઉંચી ઉંચી અટારીઓની બારીઓ ઉઘાડીને રમણીઓ જોઇ રહી છે. એ સાતસો બેડીબંધ શુરવીરોના સાતસો કંઠમાંથી પ્રચંડ ગર્જના છૂટે છે કે "અલખ નિરંજન."

સાતસો બંદીવાનોને ખબર પડી કે આવતા સવારથી કતલ શરૂ થશે.

'હું પહેલો જઇશ.' 'ના, હું પહેલી ગરદન ઝુકાવીશ.' એ ચડસાચડસીથી શીખ કારાગૃહ ઘણઘણી ઉઠયું. પ્રત્યેક દિવસના પ્રભાતે એક સો એક સો બંદીવાનોનાં માથાં રેંસાવા લાગ્યાં. 'જય ગુરૂજીનો' એ ઉચ્ચાર કરતી કરતી સો સો ગરદનો જાલિમની સમશેર નીચે નમતી ગઇ. સાત દિવસમાં તો શીખ બંદીખાનું ખાલી થયું. બાકી રહ્યો વીર બંદો.

પ્રભાત થયું. સભામાં વીર બંદો સાંકળોમાં બંધાયલો ઉભો છે. એના મ્હોં ઉપર લગારે વેદનાની નિશાની નથી. કાજીએ સાત વરસના એક ખૂબસુરત બાલકને હાજર કર્યો; બંદાના હાથમાં એ બાલકને સોંપીને કાજી બોલ્યા કે "બંદા, બે ઘડી બાદ તો તારે છેલ્લી મુસાફરીએ ચાલી નીકળવાનું છે. પણ મોગલોને હજુયે તારૂં પરાક્રમ જોવાની આતૂરતા રહી ગઇ છે. તો લે ઓ બહાદૂર! આ બાલકનું માથું તારે પોતાને હાથે જ ઉડાવી દે."

બંદાનું પરાક્રમ શું એક બાલકના શરીર ઉપર અજમાવવાનું હતું ? એ બાળક કોણ ?

એ કિશોર બાલક બંદાનો સાત વરસનો એકનો એક પુત્ર : બંદાના પ્રાણનો પણ પ્રાણ.

મ્હોંમાંથી એક સખૂન પણ ઉચ્ચાર્યો નહિ, પોતાના બાલકને બંદાએ ખેંચીને પોતાની છાતી સાથે ચાંપી દીધો. જમણો પંજો એ બાલકના માથા ઉપર ધરી રાખ્યો, એના રાતા રાતા હોઠ ઉપર એકજ ચુમી કરી, ધીરે ધીરે કમ્મરમાંથી કિરપાણ ખેંચ્યું. બાલકની સામે જોઇને બાપે એના કાનમાં કહ્યું, "ઓ બેટા ! બોલો, જય ગુરૂજીનો ! બ્હીતો તો નથીને ?"

"જય ગુરૂજીનો !" બાલકે પડઘો પાડયો. એ નાનકડા મ્હોં ઉપર મોતની આકાંક્ષા ઝળહળી ઉઠી. એના કિશોર કંઠમાંથી ધ્વનિ નીકળ્યો કે, "બ્હીક શાની, બાપુ ? જય ગુરૂજી ! જય ગુરૂજી !" એટલું બોલીને બાલક બાપના મ્હોં સામે નિહાળી રહ્યો.

ડાબી ભુજા બંદાએ બાળકની ગરદને વીંટાળી દીધી, ને જમણી ભુજાની કિરપાણ એ નાનકડી સુકોમળ છાતીમાં બેસારી દીધી. "જય ગુરૂ !" બોલીને બાળક ધરતી પર ઢળી પડ્યો.

સભા સ્તબ્ધ બની. ઘાતકોએ આવીને બંદાના શરીરમાંથી ધગેલી સાંઢસી વતી માંસના લોચેલોચા ખેંચી કાઢયા.

વીર નર શાંત રહીને મર્યો. અરેરાટીનો એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. પ્રેક્ષકોએ આંખો મીંચી.





છેલ્લી તાલીમ.

જંગલની અંદર સાંજનાં અંધારાં ઉતરતાં હતાં. ગુરૂ ગોવીંદસિંહ એકલાજ બેસી રહ્યા. થાકેલ શરીરને પોતાની કિરપાણ ઉપર ટેકાવીને ગુરૂ શો વિચાર કરતા બેઠા હતા ?

ગુરૂ વિચારતા હતા પોતાની જીવન-કથા. "જુવાનીને સમયે મ્હારી છાતીમાં મેં કેટલાકેટલા મનોરથો ભરેલા ! આખા ભારતવર્ષને મ્હારી ભુજાઓમાં ઉઠાવી લેવાનું સ્વપ્નું કેટલું સુંદર, ભવ્ય, મોહક ! આજ આ કિરપાણનું પાણી કાં ઉતરી ગયું ? આજ આ ભારતવર્ષને ઓળંગીને મ્હારી ભુજાઓ એવી કઇ મહાન દુનિઆને ભેટવા તલ્પે છે ? ત્યારે શું આ ભુલ હતી ? જીંદગાની શું એળે ગઇ ?"

ગુરૂના હૈયામાં એ ઘોર અંધારી સંધ્યાએ આવું સંગ્રામ ચાલી રહેલું છે. ધોળાં ધોળાં નેણો નીચે ઉંડાણમાં ચળકતી એની આંખોમાં લગાર પાણી આવ્યાં છે.

બરાબર એ વખતે એક પઠાણ આવીને ઉભો રહ્યો. પઠાણે ઉઘરાણી કરી કે "ગુરૂ! આજ મારે દેશ જાઉં છું. તમને જે ઘોડા દીધા છે તેનાં નાણાં ચુકાવો."

વિચારમાં ગરક બનેલા ગુરૂ બોલ્યા, "શેખજી, અત્યારે જરા કામમાં છું. કાલે આવીને નાણાં ખુશીથી લઇ જજો."

ગરમ બનીને પઠાણ બોલ્યો, "એ નહિ ચાલે, આજેજ નાણાં જોશે. ઉડામણી ક્યાં સુધી કર્યા કરવી છે? સાળા શીખો બધા ચોર લાગે છે!" આટલું કહીને પઠાણે જોરથી વૃદ્ધ ગુરૂનો હાથ પકડયો.

પલવારમાં તો ગુરૂના મસ્તકમાંથી વૈરાગ્ય નીકળી આવ્યું અને મ્યાનમાંથી કિરપાણ નીકળી આવ્યું. કિરપાણને એક ઝટકે પઠાણનું માથું ભોંય પર પડ્યું. જમીન લોહીથી તરબોળ બની, પઠાણનું ધડ તડફડતું રહ્યું, ગુરુ મ્હોંમાં આગળી ઘાલીને ફાટેલી નજરે નિહાળી રહ્યા!

માથું હલાવીને વૃદ્ધ બડબડવા લાગ્યા, "આહ! આજ સમજાયું. મારો સમય પૂરો થયો.પચાસ વરસની પવિત્ર તલવારને લાંછન લાગ્યું. શા કારણે આ રક્તપાત? પઠાણને તૈયારીનો સમય ન દીધો. રે! આખરની બંદગી કરવાની એક પલ પણ ન આપી. હાય! હવે આ હાથ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો. આ કલંકને તો ધોવું પડશે. આજથી જીંદગીનું એ એક જ છેલ્લું કામ."



મરેલા પઠાણને એક નાનો બેટો હતો. ગુરૂએ એને પોતાની પાસે બોલાવી લીધો. રાતદિવસ પોતાના પેટના બચ્ચાની માફક એને પાળવા લાગ્યા. પોતાની પાસે જેટલી જેટલી શાસ્ત્રવિદ્યા ને શસ્ત્રવિદ્યા હતી તે બધીયે ગુરૂએ પોતેજ પઠાણના બાળકને શીખવી દીધી.

રોજ સંધ્યાકાળે ને પ્રભાતે એ વૃદ્ધ ગુરુ એ બાલકની સાથે બાલક બનીને રમતો રમે છે. પોતે પરાણે પણ બાલકને હસાવે છે. બાલકની નાની નાની બહાદુરી જોઇને એની પીઠ થાબડે છે. બાલક પણ "બાપુ, બાપુ," કરતો ગુરૂને અવનવી રમતો બતાવતો રહે છે.

ભકતોએ આવીને ગુરૂના કાનમાં કહ્યું કે "આ શું માંડયું છે, ગુરૂજી? આ વાઘનું બચ્ચું છે, એને ગમે તેટલું પંપાળશો પણ એનો સ્વભાવ નહિ જાય હો! અને પછી પસ્તાવો થશે. દુશ્મનને કાં પંપાળો? વાઘનું બચ્ચું મોટું થશે ત્યારે એના નહોરનખ બહુ કાતિલ બનશે."

હસીને ગુરૂ કહે "વાહ વાહ! એ તો મારે કરવું જ છે ને! વાઘના બચ્ચાને વાઘ ન બનાવું તો બીજું શું શીખવું?"

જોતજોતામાં તો બાલક ગુરૂજીના હાથમા જુવાન બન્યો. ગુરૂજીના પડછાયાની જેમ ગુરૂજીની પાછળ પાછળ એ ફરે અને પુત્રની માફક સેવા કરે. રાતદિવસ જમણા હાથની જેમ ગુરૂની પડખે ને પડખે જાગૃત રહે. ગુરૂજીના બધા પુત્રો તો યુદ્ધમાં ગયા છે. પાછા આવ્યા જ નથી. એટલે ગુરૂના એ પુત્રહીન, શુન્ય હૃદયમાં આ પઠાણ-બાળકે પુત્રનું આસન લીધું. એકલા એકલા ગુરૂજી આ બધું જોઇને મનમાં હસતા.

પઠાણબચ્ચાએ એક દિવસ આવીને કહ્યું કે "બાપુ આપની કૃપાથી મેં ઘણી ઘણી તાલીમ લીધી. હવે કૃપા કરીને રજા આપો તો રાજ્યના સૈન્યમાં નોકરી મેળવીને મારૂ તકદીર અજમાવું."

જુવાનની પીઠ ઉપર હાથ રાખીને વૃદ્ધ ગુરૂ બોલ્યા, "બેટા! સબૂરી રાખ, હજી તારી બહાદૂરીની એક પરીક્ષા બાકી છે."

બીજે દિવસે બપોર પછી ગુરૂદેવ એકલા એકલા બહાર નીકળી પડયા, પઠાણબચ્ચાને સાદ કરી કહ્યું કે "બેટા, તલવાર લઇને ચાલ મારી સાથે." પઠાણ સાથે ચાલ્યો. ગુરૂના ભકતોએ આ જોયું. ભયભીત થઇને બધા બોલ્યા કે "ગુરૂદેવ! ચાલો અમે સાથે આવીશું." સહુને ગુરૂએ કહી દીધું કે "ખબરદાર, કોઇ સાથે આવતા નહિ."

બન્ને જણા ધીરે ધીરે નદીને કિનારે ચાલ્યા જાય છે. કિનારાની ભેખડમાં, વરસાદની ધારાઓએ જાણે આંગળીઓ ઘસી ઘસીને મોટા ચીરા પાડી દીધા છે. કાંઠે મોટાં ઝાડનાં ઝુંડ જામી પડેલાં છે. સ્ફટિક સરખી ઝગારા કરતી સિંધુ ચુપચાપ ચાલી જાય છે. કેમ જાણે એ બધી વાતો જાણતી હોય, પણ છુપાવતી હોય!

એક ઠેકાણે પહોંચીને ગુરૂએ જુવાનને ઇસારો કર્યો. જુવાન થંભ્યો.

સંધ્યાકાળનું છેલ્લું અજવાળું, કોઇ એક પ્રચંડ વડ-વાંગડાની જેમ, પોતાની લાંબી લાંબી છાયારૂપ પાંખો ફડફડાવીને જાણે અનંત આકાશમાં ઉડતું ઉડતું પશ્ચિમ દિશાને પહેલે પાર ચાલ્યું જતું હતું.

ગુરૂએ રેતીન અંદર એક ઠેકાણે આંગળી ચીંધીને કહ્યું, "મામુદ! આંહી ખોદ." મામુદ ખોદવા લાગ્યો. વળુની અંદરથી એક શિલા નીકળી. શિલા ઉપર લોહીના છાંટા પડેલા મોજુદ હતા.

ગુરૂ પૂછે છે, "એ શેના દાગ છે મામુદ?"

"લોહીના છાંટા લાગે છે, બાપુ."

"પઠાણબચ્ચા! એ છાંટા તારા પ્યારા બાપના લોહીના છે. આ ઠેકાણે એક દિવસ મેં એનું માથું ઉડા-વેલું. એને સજ્જ થવાનો પણ સમય નહોતો દીધો. એનું કરજ ન ચુકાવ્યું. એને બંદગી યે કરવા ન દીધી."

પઠાણ–બચ્ચો નીચે માથે ઉભો રહ્યો. એનું આખું શરીર કમ્પતું હતું.

ગુરૂ બોલ્યા "રે પઠાણ! શું જોઇ રહ્યો છે? બાપનું વેર લેવા તારૂં ખૂન તલપતું નથી શું?"

"બાપુ! બોલો ના, બોલો ના! મ્હારાથી નથી રહેવાતું."

"ધિક્કાર છે ભીરૂ! નામર્દ! પોતાના વ્હાલા બાપનો હણનારો આજ જીવતો જવાનો? એ પઠાણની હડ્ડીઓ આજ પોકાર કરે છે કે 'વેર લે, વેર લે!' જંગલનાં પ્રચંડ ઝાડ પણ જાણે બોલે છે કે વેર લે, વેર લે."

વાઘની માફક હુંકાર કરીને પઠાણ ખુલ્લી તરવારે ગુરૂની સામે ધસ્યો.

ગુરૂ તો પત્થરની કોઇ પ્રતિમાની માફક અચળ બનીને ઉભા રહ્યા. એની આંખોએ એક પલકારો પણ ન કર્યો.

પઠાણની આંખોમાંથી લાલ લાલ આગ ઉઠે છે, ગુરૂની આંખોમાંથી શીતળ અમૃત ઝરે છે. ગુરૂ હસે છે.

પઠાણ હાર્યો, દીન બની ગયો, ગુરૂને ચરણે તલવાર મૂકીને બોલ્યો, "હાય રે ગુરૂદેવ! આજ શયતાનની સાથે આવી રમત કાં આદરી? ખુદા જાણે છે કે પિતાનું ખૂન હું ભુલી ગયો છું. આટલા દિવસ થયાં તમને જ મેં મારા પિતા, ગુરૂ અને બંધુ કરી માન્યા. આજ એ મમતાને મનમાંથી શા માટે ઉખેડું? ઝનૂનને શા માટે જગાડું? પ્રભુ, તમારા કદમની ધૂળ જ હરદમ મારે હાથે પહોંચતી રહેજો."

એટલું બોલીને પઠાણે દોટ દીધી. એ ઘોર જંગલમાંથી એકશ્વાસે બહાર નીકળી ગયો. પાછળ જોયું નહિ. એક પલવાર પણ માર્ગમાં અટક્યો નહિ. જંગલ વટાવીને

યુવાન ઉઘાડા આસ્માન નીચે ઉભો રહ્યો, ત્યારે શુક્રતારા ઉંચેથી સ્નેહધારા વરસાવી રહી હતી.

ગોવીંદ ગુરૂ એ ઘોર અરણ્યમાં થંભી રહ્યા. એની આંખો આંસુથી ભરાઇ ગઇ, જીંદગીના છેલ્લા પાપનું બંધન કાપીને આજ તો એને ચાલી નીકળવું હતું. એ ઝંખના તો અણુપૂરી જ રહી ગઇ.

તે દિવસથી પઠાણ ગુરૂદેવથી દૂર ને દૂર રહે છે. ગુરૂનું પડખું છોડીને પોતાનું બિછાનું બીજા ખંડમાં પાથરે છે. 'બાપુ'ને જગાડવા પરોઢિયાને વખતે એ કદિ એકલો જતો નથી, રાત્રિયે પોતાની પાસે કાંઇ હથીયાર પણ રાખતો નથી. નદીને કિનારે ગુરૂની સાથે એકલો શિકારે પણ નથી જતો. ઘણીવાર ગુરૂદેવ એને એકાંતમાં બોલાવે છે, પણ પઠાણ આવતો નથી.

બહુ દિવસો વીત્યા. એ વાત તો ભુલાઇ પણ ગઇ હશે. એક દિવસ ગુરૂદેવે પઠાણ સાથે શતરંજની રમત આદરી. બપોર થયા. સાંજ પડી. દીવા પેટાયા. પણ બંને જણા શતરંજમાં મશગુલ છે.

પઠાણ વારે વારે હારે છે, તેમ તેમ એને રમવાનું શૂરાતન ચડે છે.

સંધ્યા ગઇ. રાત પડી. જે માણસો ત્યાં હાજર હતાં તે બધાં પોતાને ઘેર ચાલ્યાં ગયાં. રાત્રી જામતી ગઇ. ઝન ! ઝન ! અવાજ થવા લાગ્યા. નીચું માથું રાખીને તલ્લીન મને પઠાણ રમી રહ્યો છે.

અચાનક આ શું થયું ? ગુરૂદેવે આખી બાજી કાં ઉડાડી મૂકી ? સોગઠું ઉપાડીને પઠાણના કપાળમાં કાં માર્યું ? પઠાણ સ્તબ્ધ બની ગયો.


અટ્ટહાસ કરીને ગુરૂ બોલ્યા, "રમ્યાં રમ્યાં, નામર્દ ! પોતાના બાપને હણનારાની સાથે જે બાયલો રમત રમવા બેસે તેની તે કદિ જીત થતી હશે ?"

વિજળી ઝબૂકે તેવી રીતે પઠાણની કમ્મરમાંથી છુરી નીકળી. પઠાણે ગોવીંદસિંહની છાતી એ છુરીથી વીંધી નાખી.

છાતીમાંથી લોહીની ધારાઓ ઉછળે છે અને ગુરૂદેવ હસીને પઠાણના માથા ઉપર પોતાનો હાથ મૂકે છે. મરતાં મરતાં ગુરૂ બોલે છે :

"બચ્ચા ! આટલી આટલી વિદ્યા ભણ્યા પછી આજ તને ભાન થયુ કે અન્યાયનું વેર કેમ લેવાય. બસ ! આજ તારી છેલ્લી તાલીમ ખલાસ થઇ. અંતરની દુવા દઇને હું જાઉં છું, ઓ પ્યારા પુત્ર !"





ન્યાયાધીશ

પુના નગરની અંદર પેશ્વા વીર રઘુનાથરાવ રાજ કરે.

સિંહાસન ઉપરથી ઉઠીને એક દિવસ રઘુનાથે રાજસભાને હાકલ કરી, "શુરવીરો ! સજ્જ થાઓ. મૈસૂરના માલેક હૈદરઅલીના ગર્વનો ધ્વંસ કરવો છે. ધરતી પર પાપનો ભાર બહુ વધી ગયો છે."

જોતજોતામાં તો એંશી હજાર યોદ્ધાઓએ બખ્તર સજ્યાં. ગામેગામથી, નગરેનગરથી, જંગલોમાંથી અને પહાડોની અંદરથી વીર પુરુષો ચાલ્યા આવે છે. કેમ જાણે શ્રાવણ માસના અખંડ ઝરાઓ વહી આવતા હોય!

આકાશની અંદર વિજય–પતાકા ઉડે છે, શંખ ફુંકાય છે અને નગરની રમણીઓ વિદાયનાં વીર–ગાન ગાય છે પુના નગરી જાણે ગર્વથી ધણધણી ઉઠી.

ગગનમાં ધૂળની આંધી ચડી, અને વાવટાઓનું આખું જંગલ જામ્યું. રાતા અશ્વ ઉપર બેસી રઘુનાથ મોખરે ચાલ્યો. એંશી હજારની સેના યુધ્ધે ચડી.

અકસ્માત આ માતેલી સેના કાં થંભી ગઇ ? મહાસાગરનાં મોજાં જાણે કોઇ જળદેવતાની છડી અડકતાં ઉભાં થઇ રહ્યાં ! નગરીના દરવાજાની અંદર આવતાંજ

રાજાજી કાં નીચે ઉતર્યા? અત્યંત વિનયભર્યે મોઢે એ કોને નમન કરે છે?

એંશી હજારની મહાસાગર સમી સેનાને એક ન્હાનો સરખો આદમી રોકીને ઉભો છે. એનું નામ ન્યાયાધીશ રામશાસ્ત્રી. બે બાહુ ઉંચા કરીને રામશાસ્ત્રી હાકલ પાડે છે કે, "રાજા, ત્હારા અપરાધનો ઇન્સાફ પામ્યા સિવાય તું શહેર બહાર ક્યાં ન્હાસી જાય છે?"

વિજયના નાદ બંધ પડયા. સમરાંગણની શરણાઇઓ શાંત બની. એંશી હજારની સેના શ્વાસ લે છે તેનો પણ એકતાલમાં ધબકારો બોલે છે.

રઘુનાથ બોલ્યો, "હે ન્યાયપતિ! આજ યવનનો સંહાર કરવા નીકળ્યો છું. આશાભેર અવનિનો ભાર ઉતારવા ચાલ્યો છું. એવે મંગળ સમયે આપ કાં આડા હાથ દઇને ઉભા?"

રામશાસ્ત્રીના મ્હોં ઉપર ન્યાયનો સૌમ્ય પ્રતાપ છવાયો. એ બોલ્યા, "રઘુપતિ! તું રાજા. તારે હાથ એંશી હજારની સેના. પણ ન્યાયાસન આગળ તો તારે ય મસ્તક નમાવવું પડશે."

રાજા માથું નમાવીને જવાબ વાળે છે કે "સાચું, પ્રભુ! અપરાધી હોઉં તો દંડ આપો."

ન્યાયમૂર્તિ બોલ્યા, "તારા ભત્રીજાનુ ખૂન કર્યાનો તારા પર આરોપ છે, રઘુપતિ! એ અપરાધની તપાસ ન થાય ત્યાં સુધી તું રાજ્યનો બંદીવાન છે. નગર છોડીને તારાથી નીકળાશે નહિ."

હસીને રાજાએ જવાબ વાળ્યો, "મહારાજ! આજ સામ્રાજ્ય સ્થાપવા જાઉં છું તે વેળા એક ક્ષુદ્ર આરોપ મૂકીને શું મશ્કરી કરી રહ્યા છો?"

"મશ્કરી ? સામ્રાજ્ય સ્થાપનારની મશ્કરી હું ન કરૂં, વિધાતા કરી રહ્યો છે. ઘોર અપરાધ આજે તારે માથે તોળાઇ રહ્યા છે. પ્રજા હાહાકાર કરીને રડી રહી છે. પૃથ્વી પર સામ્રાજ્ય સ્થાપવા જતાં તારા આત્માનું સામ્રાજ્ય નથી લુંટાઇ જતુંને ? એ વિચારીને આગળ કદમ ધરજે, પેશ્વા રઘુનાથરાવ !"


રોષ કરીને રઘુનાથ બોલ્યા કે "મહારાજ, રાજના ચાકર છો એ વાત ભૂલશો મા. જાઓ, આજ રણે ચડતી વેળા ન્યાય વિષેનું ભાષણ સાંભળવાની મને ફુરસદ નથી. જવાબ દેવા હમણાં નહિ આવું. આજ ધરતીનો ભાર ઉતારવા જાઉં છું."

રાજાએ અશ્વ ચલાવ્યો. એંશી હજારની સેના ઉપડી. શાસ્ત્રીજીએ કહ્યું :

"સીધાવો રાજા, સીધાવો, યુદ્ધ કરો, અવનિના ભાર ઉતારો. એક દિવસ આત્માનો ભાર, પરાભવનો ભાર અને એ સામ્રાજ્યનો ભાર તને ચગદી નાખશે. હું પણ હવે ન્યાયાસન પર નહિ બેસું. ઇન્સાફની અદાલતમાં ભલે હવે રાજસ્વચ્છંદની રમતો રમાતી."

શંખભેરીના નાદ નીકળ્યા. ડંકા વાગ્યા. નિશાનો ગગને ચડયાં.

રાજા ધરતીનો ભાર ઉતારવા જાય છે. ન્યાયાધીશે પણ ન્યાયદંડનો બોજો નીચે ધર્યો. બધી બાદશાહી અંગ પરથી ઉતારી. મહારાષ્ટ્રનો શ્રેષ્ઠ ન્યાયશાસ્ત્રી, રાજાનો પણ રાજાધિરાજ, ઉઘાડે પગે નગરબહાર નીકળીને, પોતાના નાના ગામડાની ગરીબ ઝુંપડીમાં બેસી ગયો. દીન બ્રાહ્મણ બની ગયો.



નકલી કિલ્લો

"બસ ! બુંદીકોટાનો કિલ્લો જ્યાં સુધી હું જમીનદોસ્ત ન કરૂં ત્યાં સુધી મારે અન્નજળ હરામ છે."

એવી આકરી પ્રતિજ્ઞા એક દિવસે ચિતોડના રાણાએ ભરસભામાં કરી લીધી.

પ્રધાનજી બોલ્યા, "અરે, અરે, મહારાજ ! આ તે કેવી પ્રતિજ્ઞા તમે લીધી ? બુંદીકોટાનો નાશ શું સહેલો છે ?"

રાણાજી કહે, "તો પછી મ્હારી પ્રતિજ્ઞાનું પાલન તો સહેલું છે જ ને ! રાજપુત્રનું પણ જીવ જતાં સુધી તો મિથ્યા શી રીતે થાય ?"

રાણાજીને ઘડીભરનું તો શૂરાતન આવી ગયું ને સોગંદ લેવાઇ ગયા, પણ ધીમે ધીમે ભુખતરસથી પેટની પાંસળીઓ તૂટવા લાગી.

રાણાજી પ્રધાનને પૂછે છે કે, "પ્રધાનજી ! બુંદીનો કિલ્લો આંહીથી કેટલો દૂર ?"

"મહારાજ ! ત્રણ જોજન દૂર."

"એ કિલ્લાના રક્ષક કોણ ?"

"શુરવીર હાડા રજપુતો."

"હાડા ?" મહારાજનું મ્હોં ફાટયું રહ્યું.

"જી, પ્રભુ ! ચિતોડાધિપતિને એનો કયાં અનુભવ નથી ? ખાડા ખસે, મહારાજ, પણ હાડા નહિ ખસે."

"ત્યારે હવે શું કરવું ?" રાણાજીને ફિકર થવા લાગી.

મંત્રીના મગજમાં યુકિત સૂઝી. એણે કહ્યું, "મહારાજ, આપણે તો ગમે તેમ કરીને સોગંદ પાળવા છે ને ? આજ રાતોરાત માણુસો રોકીને હું આપણા ગામ બહાર બુંદીનો નકલી કિલ્લો ખડો કરી દઉં. પછી આપ આવીને એને પાડી નાખો. એટલે ઉપવાસ છૂટી જશે."

રાણા છાતી ઠોકીને બોલ્યા કે "શાબાશ ! બરાબર છે !"

રાતોરાત કામ ચાલ્યું. પ્રભાતે તો બુંદીનો નકલી કિલ્લો તૈયાર થયો. રાણાજી સૈન્ય લઇને કિલ્લો સર કરવા ઉપડયા.

પરંતુ રાણાજીની હજુરમાં એક હાડો રજપુત નોકરી કરતો હતો. એનું નામ કુંભો. જંગલમાં મૃગયા કરીને એ યોધ્ધો ચાલ્યો આવતો હતો. શરીર ઉપર ધનુષ્ય-બાણ લટકાવેલાં.

કોઇએ એને કહ્યું કે "બુંદીનો આ નકલી કિલ્લો બનાવીને રાણાજી કિલ્લો તોડવા જાય છે."

હાડો ભ્રૂકૂટિ ચડાવીને બોલ્યો કે "શું ! હું જીવતાં રાણો બુંદીનો નકલી કિલ્લો તોડવા જાશે ? હાડાની કીર્તિને કલંક લાગશે ?"

"પણ ભાઇ ! એ તો નકલી કિલ્લો !"


"એટલે શું ? બુંદીના કિલ્લાને નામે રમતો રમી શકાય કે ?"

ત્યાં તો રાણાજી સેનાને લઇને આવી પહોચ્યા.

કુંભોજી એ નકલી કિલ્લાને દરવાજે જઇને ખડો થયો. ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું. દૂરથી રાણાને આવતા દેખીને હાડો ગરજી ઉઠયો :

"ખબરદાર રાણા! એટલે ઉભા રહેજો. હાડો બેઠો હોય ત્યાં સુધી બુંદીને નામે રમત રમાય નહિ. તે પહેલાં તો હાડાની ભુજાઓ સાથે રમવું પડશે."

રાણાએ કુંભાજી ઉપર આખી સેના છોડી મૂકી. ભોંય પર ઘુંટણભર થઇને કુંભે ધનુષ્ય ખેંચ્યું. ધનુષ્યમાંથી બાણ છુટતાં જાય તેમ સેનાના યોદ્ધાઓ એક પછી એક પડતા જાય. કુંભોજી કુંડાળું ફરતો ફરતો યુદ્ધ કરે છે. આખું સૈન્ય એના ઉપર તૂટી પડે છે. આખરે વીર કુંભો પડયો. નકલી કિલ્લાના સિંહદ્વારની અંદર, એના પ્રાણ રહ્યા ત્યાં સુધી કોઇ પેસી શકયું નહિ. એના લોહીથી નકલી બુંદીગઢ પણ પવિત્ર બન્યો.





પ્રતિનિધિ

સતારાના કિલ્લા પર બેઠા બેઠા શિવાજી મહારાજ એક દિવસ સવારે જોઈ રહ્યા હતા, કે પોતાના ગુરૂજી રામદાસ નગરે બારણે બારણે ભિક્ષા માગતા અન્નહીન વસ્ત્રહીન ભટકયા કરે છે.

રાજાના મનમાં થાય છે કે, "અહો! આ તે શું ધતીંગ! ગુરૂજીના હાથમાં ભિક્ષાની ઝોળી! જેને ઘેર લગારે કશી ખામી નથી, રાજરાજેશ્વર શિવાજી જેને ચરણે પડયો છે, લોકો જેના ખોળામાં બધી સંપત ધરી દે છે, તેવા એક સાધુની વાસનાનો યે અંત નથી! વ્યર્થ છે, ફુટેલા વાસણમાં પાણી લાવીને તરસ છીપવવાનું જેમ વ્યર્થ છે, તેમ આ લોભી સાધુની તૃષ્ણા મટાડવા માટે એના હાથમાં રાજલક્ષ્મી ઠલવવી પણ વ્યર્થ છે. પણ ના, એક વખત એની પરીક્ષા તો કરવી જોઈએ. ખબર પડશે કે આ સંન્યાસીની તૃષ્ણાને તળિયું છે કે નહિ."

એમ વિચારીને મહારાજે કાગળ કલમ લીધાં, કાગળ પર કાંઈક લખ્યું, બાલાજીને બોલાવ્યો ને આજ્ઞા કરી કે

"ગુરૂજી જ્યારે આપણે દ્વારે ભિક્ષા માગવા પધારે ત્યારે એમની ઝોળીમાં આ કાગળ ધરી દેજો."

ભિક્ષા માગતા માગતા ગુરૂજી માર્ગે ચાલ્યા જાય છે. અંગ ઉપર એક કૌપીન, અને હાથમાં ઝુલી રહી છે એક ઝોળી. એના ગંભીર મ્હોંમાંથી ગાન ઝરે છે કે "હે જગત્પતિ, હે શંકર, સહુને તમે રહેવાનાં ઘર દીધાં, મને જ માત્ર રસ્તે ભટકવાનું સોંપ્યું. માડી અન્નપૂર્ણા સચરાચર સર્વને પોતાને હાથે ખવાડી રહી છે. તમે જ, હે પરમ ભિખારી! મને એ મૈયાના ખોળામાંથી ઝૂંટવી લઇને તમારો દાસ બનાવી દીધો, આ ઝોળી લેવરાવી. શી તમારી માયા, પ્રભુ!"

ગાન પૂરૂં થયું, ગુરૂજી સ્નાન કરીને કિલ્લાને દરવાજે આવ્યા. બાલાજીએ નમન કરીને એના ચરણમાં છત્રપાતની ચિઠ્ઠી મેલી. ગુરૂજીએ પત્ર વાંચ્યો. પત્રમાં લખ્યું હતું કે ગુરૂદેવ! આજથી આખું રાજ્ય હું આપને ચરણે ધરી દઉં છુ હું પણ આપને આધીન થાઉં છું."

ગુરૂજી હસ્યા. બીજે દિવસે શિવાજી મહારાજની પાસે ગયા અને બોલ્યા, "બોલ, હે બેટા, રાજ મારે કબજે સોંપી દીધું. તેથી તું પણ મારા કબજામાં આવ્યો. તો હવે બોલ, તું મારા રાજ્યમાં શું કામ કરીશ? તારામાં શી શી શક્તિ છે, વત્સ?"

શિવાજી મહારાજે નમન કરીને જવાબ વાળ્યો કે "તમે કહો તે ચાકરી કરવામાં હું મારા પ્રાણ સમર્પીશ."

ગુરૂજી કહે કે "ના, રે ના, બેટા, ત્હારા પ્રાણની મને જરૂર નથી. ઉપાડી લે આ ઝોળી, અને ચાલ મારી સાથે ભિક્ષા માગવા."

હાથમાં ઝોળી લઇને શિવાજી ગુરૂદેવની સાથે દ્વારે દ્વારે ભટકે છે. મહારાજને દેખી ન્હાનાં બચ્ચાંઓ ઘરની અંદર દોડી જાય છે અને આ તમાશો જોવા પોતાનાં માબાપને

બોલાવી લાવે છે. અખૂટ વૈભવનો ધણી, બાદશાહોને પણ ધ્રૂજાવનારો બહાદૂર, અપરંપાર અનાથોનો સ્વામી શિવાજી આજ ઝોળી લઇને નીકળ્યો છે. એ જોઇને શિલા સમાન હૈયાં પણ પીગળી જાય છે. લોકો લજ્જાથી નીચે મ્હોંયે ભિક્ષા આપે છે. ઝોળીમાં અનાજ નાખતા હાથ થરથરે છે, નગર આખું વિચારે છે કે ' વાહ રે મહાપુરુષોની લીલા !

દુર્ગની અંદર બપોરના ડંકા વાગ્યા, ને કામકાજ છોડીને નગરજનો વિસામો લેવા લાગ્યાં. ગુરૂ રામદાસ તો એકતારા ઉપર આંગળી ફેરવતા ફેરવતા ગાન ગાતા જાય છે; એની આંખોમાંથી આનંદની અશ્રુધારા ચાલી જાય છે. શું હતું એ ગાન ?

" હે ત્રિલોકના સ્વામી ! તારી કળા નથી સમજાતી. તારે ઘેર તો કશીયે કમીના નથી, તોયે માનવીને હૃદયે હૃદયે આમ ભિક્ષા માગતો કાં ભટકે છે, ભગવાન ? તારે ત્યાં શાનો તોટો રહ્યો, સ્વામી ? કંગાલ માનવીના અંતરમાં તેં એવી શી શી દૌલત દીઠી, કે એ મેળવવા માટે પ્રત્યેકની પાસે તું કાલાવાલા કરી રહ્યો છે, રામ ?"

ગુરૂ ગાતા ગાતા રખડે છે, શિવાજી પાછળ પાછળ ચાલ્યા જાય છે. આખરે સાંજ પડી. નગરની એક બાજુ, નદીને કિનારે સ્નાન કરીને ગુરૂએ ભિક્ષામાં આણેલું અનાજ રાંધ્યું, પોતે લગાર ખાધું, બાકીનું શિષ્યો જમી ગયા.

મહારાજાએ હસીને કહ્યું કે "રાજપદનો ગર્વ ઉતારીને તમે આજે મને ભિખારી બનાવ્યો છે હે ગુરૂદેવ ! તો હવે બોલો, ફરમાવો, બીજી શી શી ઇચ્છા છે ?"

ગુરૂદેવ બોલ્યા, "સાંભળ ત્યારે. મારે માટે પ્રાણ અર્પવાની તેં પ્રતિજ્ઞા કરી છે. તો હવે ઉપાડી લે મારો ભાર. આજ આ નાની ઝોળીનો ભાર નથી ઉપાડવાનો.

આ નાનકડી નગરીમાં નથી ભટકવાનું. આજ તો મારે નામે, મારો પ્રતિનિધિ બનીને ફરીવાર આ રાજગાદી સંભાળી લે, બેટા! મારૂં સમજીને રાજ્યને રક્ષજે. રાજા બન્યા છતાંયે હૃદય ભિક્ષુકનું રાખજે. લે આ મ્હારા આશીર્વાદ, અને સાથે સાથે આ મારૂં ભગવું વસ્ત્ર. વૈરાગીના એ વસ્ત્રનો રાજધ્વજ બનાવીને તારા કિલ્લા પર ચડાવી દેજે. આજથી આ રાજ્ય એ રાજ્ય નથી. એને ઇશ્વરનું દેવાલય સમજજે. જા બેટા, કલ્યાણ કર જગતનું."

એ મનોહર સંધ્યાકાળે, ગીતો ગાતી એ નદીને કિનારે, નીચું માથું નમાવીને શિવાજી શાંત બેસી રહ્યા. લલાટ ઉપર જાણે ફિકરનાં વાદળાં જામી પડયાં. ગોવાળની વાંસળી થંભી ગઇ. ગાયો ગામમાં પહોંચી ગઇ. સૂર્ય પણ સંસારને સામે કાંઠે ઉતરી ગયો. શિવાજી મહારાજ સ્તબ્ધ બનીને બેસીજ રહ્યા. લુંટારો બનીને રાજ્ય ચલાવવું સહેલ હતું. આજ સાધુ બનીને સિંહાસને શી રીતે બેસાશે ?

નદીને કિનારે પર્ણકુટીની અંદર તો તંબુરાના તાનમાં ગુરુદેવનાં પૂરબી રાગિણીના ગાન ગુંજી ઉઠ્યાં હતાં : "મને રાજાના શણગાર સજાવીને સંસારમાં બેસાડયો, ને તમે તો છુપાઇને છેટે જઇ બેઠા! તમે કોણ છો, હે રાજાધિરાજ ? મેં તો તમારી પાદુકા આણીને તખ્ત પર પધરાવી છે પ્રભુ! હું તો તમારા પગના બાજઠ પાસેજ બેઠો છું. સિંહાસન પર મારૂં આસન હોય નહિ, હરિ ! હવે તો આ જીંદગીની સંધ્યા આવી પહોંચી. હવે તે કયાં સુધી બેસાડી રાખશો, રાજા? હવે તો આવીને આપનું રાજ્ય સંભાળી લો, સ્વામી !

શિવાજી મહારાજે એ ગાન સાંભળ્યું; ને ભગવા ઝંડાને જગત પર અમર બનાવ્યો.

❧

નગર-લક્ષ્મી



શ્રાવસ્તી નગરીમાં દુકાળ પડ્યો. પ્રજામાં હાહાકાર થઇ રહ્યો. પોતાના ભક્તજનોને ભેગા કરીને બુદ્ધ ભગવાને સવાલ કર્યો કે "બોલો પ્રિયજનો, ભૂખ્યાંને અન્ન દેવા તમારામાંથી કોણ કમ્મર બાંધે છે?"

ગુરૂદેવનો સવાલ સાંભળીને રત્નાકર શેઠે માથું નીચું ઢાળ્યું અને હાથ જોડીને જવાબ દીધો: "આવા વિશાળ નગરને માટે અન્ન પહોંચાડવાની મ્હારી શક્તિ નથી, પ્રભુ."

ત્યારપછી ગુરૂદેવનાં નિરાશ નયનો સેનાપતિ જયસેનના મ્હોં પર પડયાં. જયસેને જવાબ વાળ્યો કે, "છાતી ચીરીને હૃદયનું લોહી દેવાથી જો પ્રજાનો પ્રાણ ઉગરી શકે તો પલવારમાં હું કાઢી આપું, પ્રભુ! પણ મારા ઘરમાં એટલું અનાજ ક્યાંથી હોય?"

નિઃશ્વાસ નાખીને ધર્મપાળ બોલી ઉઠયો કે "હું તો ભાગ્યહીન છું પ્રભુ! મારા સોના સરખા ખેતરમાંથી દુકાળે

બધો કસ શોષી લીધો. હું રાજ્યનો કર પણ કેવી રીતે ભરી શકીશ?"

બધા એક બીજાના મ્હોં સામે જોવા લાગ્યા. કોઇ જવાબ દેતું નથી. ચુપચાપ બની ગયેલી એ મેદિનીની અંદર, ભૂખથી પીડાતા એ પ્રજાજનોની સામે, બુદ્ધ ભગવાનની કરૂણાળુ આંખો સંધ્યાકાળના ઉદાસ તારાની માફક ચોંટી રહી.

ત્યારપછી એ સમુદાયની અંદરથી એક રમણી ઉભી થઇ. લાલ લાલ એનું લલાટ છે અને શરમમાં નીચે નમેલું એનું માથું છે. ગૌતમ પ્રભુના સાચા શિષ્ય અનાથ-પીંડદની એ દીકરી હતી. વેદનાથી એની આંખમાં આંસુ ભરાઇ આવેલાં. બુદ્ધદેવના ચરણની રજ લઇને મધુર કંઠે એ બાઇ બોલી.

"હે દેવ! આજે જ્યારે સહુએ નિઃશ્વાસ નાખી આપને નિરાશ બનાવ્યા છે, ત્યારે હું એક પામરમાં પામર સેવિકા આપની આજ્ઞા માથે ચડાવી લઉં છું. અનાજ વિના આજે જે માનવી કલ્પાંત કરી રહ્યાં છે, તે બધાં મારાં જ સંતાનો સરખાં મને લાગે છે. નગરમાં આંગણે આંગણે અનાજ પહોંચાડવાનો ભાર આજે હું મારે માથે ધરી લઉં છું."

સાંભળનારા સહુ લોકોને બહુ નવાઇ લાગી. ગુરૂદેવના માનીતા શિષ્યોમાંથી કોઇ હાંસી કરવા લાગ્યું, કોઇ ગુસ્સે થઇ ગયું. કોઇને લાગ્યું કે સુપ્રિયા પાગલ બની ગઇ છે. સખ્ત અવાજે સહુ એને પૂછવા લાગ્યાં કે "એક ભિક્ષુકની દીકરી! તું પોતે પણ ભિખ્ખુની! એટલું બધું અભિમાન કયાંથી આવી ગયું કે તું આવું વિકટ કામ તારે માથે ઉપાડી લે છે? તારા ઘરમાં એવા શા ભંડાર ભર્યા છે, ભિખારણ?"

બધાની પાસે માથું નમાવીને સુપ્રિયા બોલી, "મારી પાસે બીજું કાંઇ યે નથી; રહ્યું છે ફક્ત આ એક ભિક્ષાપાત્ર.

હું તો પામર નારી છું. સહુથી ગરીબ છું. પરંતુ હે પ્રિય-જનો! તમારી દયાને બળે જ ગુરૂદેવની આજ્ઞા સફળ થશે, મારી શક્તિથી નહિ. મારો ભંડાર તો તમારા સહુના ઘરે-ઘરમાં ભર્યો છે. તમારી સહુની ઈચ્છા સાચી હશે તો મારૂં આ પામર ભિક્ષાપાત્ર પણ એક અક્ષયપાત્ર બની જશે. હું તમારે દ્વારે દ્વારે ભટકીશ, ને તમે દેશો તે ભૂખ્યાંને ખવરાવીશ. માતા વસુંધરા જીવતી છે ત્યાં સુધી શી ખોટ છે?"

ગુરૂદેવે આશીવાદ દીધા. લોકોએ પોતાના ભંડાર એ ભિખ્ખુનીના ભિક્ષાપાત્રમાં ઠલવ્યા, અને આખી નગરી ભુખમરામાંથી ઉગરી ગઇ.





સ્વામી મળ્યા !

ગંગાને કિનારે તુલસીદાસજી એક દિવસ સાંજને ટાણે ટેલતા હતા. એનું હૃદય એ વખતે પ્રભુના ગાનમાં મસ્ત હતું.

પાસેજ સ્મશાન હતું. સ્મશાન સામે નજર કરતાં સ્વામીજીએ જોયું કે પોતાના પતિના શબના પગ પાસે સતી નારી બેઠેલી છે, પતિની ચિતામાં બળી મરવાનો એ બાઇએ મનસૂબો કરેલો. કપાળમાં ચંદનની પીળ કરેલી, સેંથામાં સીંદુર ભરેલો, અને અંગ ઉપર લગ્નદિવસનાં વસ્ત્રાભૂષણો ધરેલાં.

ભેળાં મળેલાં સગાંવ્હાલાં આનંદની ચીસો પાડે છે, સતીના નામનો જયજયકાર બોલાવે છે, અને પુરોહિતો ધન્યવાદ દેતા દેતા ચિતાની તૈયારી કરી રહ્યા છે. એ સતી સ્ત્રીએ અચાનક ત્યાં તુલસીદાસજીને જોયા અને આતુર બનીને પૂછ્યું કે "હે ગોસ્વામી ! તમારા પવિત્ર

મુખમાંથી મને પરવાનગી આપો. મને આશીર્વાદ દો, એટલે હું સુખેથી ચાલી જઇશ."

ગોસ્વામીએ પૂછ્યું: "માતા, ક્યાં જવાની આ તૈયારી કરી છે?"

બાઇ બોલી : "મારા સ્વામીની સાથે બળી મરીને સ્વર્ગે જઇશ મહારાજ!"

હસીને ગોસ્વામી કહે છે : "હે નારી, આ ધરતીને છોડી સ્વર્ગમાં જવાનું કાં મન થાય છે? સ્વર્ગનો જે સરજનહાર છે તેની જ સરજેલી શું આ પૃથ્વી પણ નથી, બ્હેન?"

અજ્ઞાન સ્ત્રી આ વાતનું રહસ્ય સમજી ન શકી. એ તો વિસ્મય પામીને સાધુની સામે જોઇ રહી. એના મનમાં થયું કે, "તુલસીદાસ સરખો ધર્માવતાર આજે કાં આવી વાણી કાઢી રહ્યા છે?"

સ્વામીજીની સામે જોઇને બાઇ બોલી કે, "મારા સ્વામી મને આંહી મળી જાય તો મ્હારે સ્વર્ગનું શું કામ?"

તુલસીદાસ ફરી વાર હસીને બોલ્યા : "ચાલો પાછાં ઘેરે, મૈયા! સાધુનો કોલ છે કે એક મહિનાની મુદતમાં તમને તમારો સ્વામી પાછો મળશે."

તુલસીદાસનો કોલ! ભક્તહૃદયને શ્રદ્ધા બેઠી. આશાતુર હૃદયે એ બાઇ પાછી વળી ને ગોસ્વામીની પાછળ પાછળ ચાલી ગઇ. પછવાડે પુરોહિતોએ શાપ વરસાવ્યા, સગાંવ્હાલાંઓએ નિંદા શરૂ કરી, ગાળોના ઉચ્ચાર કાઢ્યા; કોઇએ પત્થરો પણ ફેંક્યા. પલવાર પહેલાની સતી બીજીજ પળે કુલટા બની ગઇ. ભયભીત હૃદયે એ નારી ગોસ્વામીના પડખામાં લપાતી લપાતી ધ્રૂજતી જાય છે, પાછળ નજર નાખતી જાય છે. ગોસ્વામી તો પ્રભુના કીર્તનમાં મસ્ત બની નિર્ભય પગલે ચાલે છે; એ ભક્તની અને એ નારીની પાસે આવવાની કોઇની મગદૂર નહોતી.

એક નિર્જન પર્ણકૂટીમાં એ બાઈને સુવાડીને ગોસ્વામી ગંગાને કિનારે પાછા આવ્યા. આખી રાત જાગીને એણે પ્રભુનાં કીર્તન ગાયાં. પ્રભાતે એ રમણીની પાસે જઈને ભક્તવર થોડીવાર બેઠા. પ્રભુની ને પ્રભુ-કરૂણાની મીઠી વાતો કરી. એક મહિના સુધી આમ ચાલ્યું. એ આશાતૂર વિધવાના વદન ઉપર કોઈ અમર ઉલ્લાસ પ્રકાશી નીકળ્યો. શ્વેત વસ્ત્રોની અંદરથી પણ પરમ સૌભાગ્ય પ્રગટ થયું. એની આંખોનાં આંસુ સુકાયાં, પ્રકાશનાં કિરણો છૂટયાં.

સગાંવ્હાલાંએ આવીને મર્મવચનો કહ્યાં કે "કાં, તારો સ્વામી જીવતો થયો કે?"

વિધવાએ હસીને કહ્યું: "હા! સ્વામી તો પાછા આવી ગયા."

ચમકીને બધાં પૂછે છે કે "હેં! કયાં છે? કયા ઓરડામાં બેઠા છે? બતાવને?"

રમણીએ ઉત્તર દીધો કે "આ હૃદયના ઓરડામાં સ્વામી સજીવન બનીને બેઠા છે. તમે ત્યાં શી રીતે જોઈ શકો?"





પારસ-મણિ

વૃન્દાવનની અંદર, યમુનાને કિનારે બેઠા બેઠા સનાતન ઋષિ પ્રભુ નામ રટી રહ્યા હતા. એ વખતે એક કંગાળ બ્રાહ્મણે આવીને ઋષિજીને ચરણે પ્રણામ કર્યો.

સનાતને પૂછ્યું કે "ભાઈ, કયાંથી આવો છો ? તમારૂં નામ શું ?"

બ્રાહ્મણ બોલ્યો, "મહારાજ ! બહુ દૂર દેશથી હું આવું છું. મારૂં દુઃખ વર્ણવ્યું જાય તેમ નથી. ઇશ્વરની આરાધના કરતાં કરતાં એક રાત્રીએ મને સ્વપ્નામાં જાણે કોઇ દેવ કહી ગયા કે "યમુનાને કાંઠે સનાતન ગોસ્વામીની પાસે જઇને યાચના કરજે. તારી ભીડ એ ભલા સાધુ ભાંગવાના."

સનાતન બોલ્યા, "બેટા, મારી આશા કરીને તું આવ્યો, પણ હું શું આપું ? જે હતું તે બધું ફેંકી દઇને, ફક્ત આ ઝોળી લઇનેજ હું તો જગતની બહાર ચાલી નીકળ્યો છું. પણ હાં હાં ! મને યાદ આવે છે. એક દિવસ આંહી કિનારે હું ટેલતો હતો ત્યારે મને એક પારસમણિ (સ્પર્શમણિ) હાથ લાગેલ. કોઇક દિવસ કોઇને દેવા કામ આવશે, તેટલા માટે મેં એ મણિને પેલે ઠેકાણે રેતીમાં દાટી રાખેલ છે. જા ભાઇ, એને લઇ

જા. તારૂં દુઃખ એનાથી ફીટવાનું. તને અખૂટ દોલત મળવાની."

સ્પર્શમણિ! આહા! બ્રાહ્મણ તો દોડતો દોડતો મુનિએ બતાવેલી જગ્યાએ પહોંચ્યો, ને એણે રેતીમાંથી મણિ બહાર કાઢયો. પોતાના લોઢાના માદળિયાને જ્યાં મણિ અડકાડે છે ત્યાં તો માદળિયું સોનાનું બની ગયું. બ્રાહ્મણ તો આનંદમાં નાચવા લાગ્યો. ખૂબ નાચ્યો. મનમાં અનેક મહેલમહેલાતો ખડી કરી દીધી. કેવા કેવા વૈભવો ભોગવશે તેની કૈં કૈં કલ્પનાઓ કરી લીધી. પછી થાકીને થોડો આરામ લેવા નદીકાંઠે બેઠો. યમુનાના પ્રવાહનું મધુર મધુર ગાન સાંભળીને એ શાંત બન્યો. ચોપાસ ફુલો અને વૃક્ષોની શોભા નિહાળી. પંખીઓના આનંદમય કિલકિલાટ સાંભળ્યા. સૂર્યાસ્ત સામે નજર કરી.

બ્રાહ્મણની એક આંખ આ સુંદરતા ઉપર હતી, બીજી આંખ હતી એના મનની પેલી મહેલાતો ઉપર. એનું મન ડોલવા લાગ્યું. એને સાંભર્યા ગોસ્વામી સનાતન. એને ઘણી ઘણી વાતો સાંભરી આવી.

દોડતો દોડતો બ્રાહ્મણ સનાતનની પાસે આવીને એના પગમાં પડયો. આંખમાં આંસુ લાવીને એ ગદ્‌ગદ્‌ સ્વરે બોલ્યો : "અખુટ સમૃદ્ધિ આપનાર મણિને જેણે માટી સમાન ગણીને આપી દીધો, તેના ચરણની માટી જ મારે જોઇએ. આ મણિ મારે ન ખપે."

એમ બોલીને એણે નદીના ઉંડા પાણીમાં મણિને ફેંકી દીધો.

મણિ દેનાર અને મણિ લેનાર બન્ને જીતી ગયા.

❦



તુચ્છ ભેટ

યમુનાનાં પાણી ઘુમરી ખાતાં દોડયાં જાય છે. બન્ને કિનારે ઉંચા પહાડોની શિખરમાળા ઉભી છે. ગુફાના સાંકડા માર્ગમાં ચાલ્યો જતો પ્રવાહ પાગલની પેઠે દિવસ-રાત ગરજ્યા કરે છે.

નદીની એ વાંકીચુંકી વેણી વીંખતા વીંખતા આસમાની પહાડો એક પછી એક આઘે આઘે-કેટલેય આઘે ચાલ્યા જાય છે. શિખર બધાં અચળ ઉભા છે તોયે જાણે ચાલતાં જણાય છે અને નદી ચાલી જાય છે તોયે જાણે સાંકળે બાંધેલી સ્તબ્ધ ઉભી હોય તેવું લાગે છે. પહાડો ઉપર ઉંચાં ઝાડ ઉભાં છે : કેમ જાણે હાથ લંબાવીને પહાડો પેલી વાદળીઓને બોલાવતા હોય! આવા પ્રદેશમાં પર્ણકુટી બાંધીને શીખ ગુરૂ રહેતા હતા.

એક દિવસ ગુરૂજી પ્રભુલીલા વાંચી રહ્યા છે. તે સમયે રાજા રઘુનાથ પધાર્યા. ગુરૂદેવને ચરણે નમન કરીને રાજા બોલ્યા, "હે પ્રભુ! દીન સેવક થોડી ભેટ લાવ્યો છે."

હાથ લંબાવીને ગુરૂજીએ રાજાના મસ્તક પર મેલ્યો, આશિષો આપી, કુશળખબર પુછયા. હિરાજડિત બે સોનાનાં કંકણો રઘુનાથે ગુરૂદેવને ચરણે ધરી દીધાં.

ભોંય પરથી કંકણ ઉઠાવીને ગુરૂદેવ આંગળી ઉપર ચકર ચકર ફેરવવા લાગ્યા. કંકણના હીરાની અંદરથી હજારો કિરણો નીકળતાં હતાં : કેમ જાણે હજાર હજાર કટારો છૂટતી હોય!

લગાર મ્હોં મલકાવીને ગુરૂએ કંકણો નીચે ધર્યાં ને પાછા એ તો પુસ્તકની અંદર આંખો માંડીને વાંચવામાં મશગુલ બન્યા. સામે રાજા રઘુનાથરાવ બેઠા છે તેની પણ એ સાધુને પરવા ન રહી.

ત્યાં તો અચાનક એ પત્થર પરથી એક કંકણ લપસી ગયું ને દડતું દડતું યમુનાનાં ઉંડા પાણીમાં જઇ પડયું.

"અરે ! અરે !" એવી ચીસ પાડીને રઘુનાથ રાજાએ એમ ને એમ પાણીમાં ઝંપલાવ્યું. બે હાથ લંબાવીને રાજા ચોમેર કંકણને શોધવા લાગ્યા.

ગુરૂજીના અંતરમાં તો પ્રભુની વાણીનો પરમ આનંદ જાગ્યો હતો. પુસ્તકની અંદરથી એણે તો પલવાર પણ માથું ઉંચું ન કર્યું.

યમુનાનાં શ્યામ જળ ચોમેર ઘુમરી ખાઇખાઇને જાણે રાજાને ટગાવી રહેલ છે ને કહે છે કે 'જો આંહી પડયું છે કંકણ !' રાજાજી એ જગ્યાએ પાણી ડખોળી ડખોળી થાકે, ત્યાં તો એ મસ્તીખોર નદી બીજે ઠેકાણે ઘુમરી ખાઇને ફોસલાવે કે 'જો, જો, ત્યાં નહિ, આંહી પડયું છે તારૂં કંકણ '

આખરે દિવસ આથમ્યો. આખો દિવસ પાણી ફેંદયાં, પણ રાજાજીને કંકણ ન જડયું. ભીંજાતે વસ્ત્રે અને ઠાલે હાથે રાજાજી ગુરૂની પાસે આવ્યા. એના મનમાં તો શરમ હતી કે " કંકણ મળ્યું નહિ! ગુરૂજી મને શું કહેશે ?"

હાથ જોડીને રઘુનાથે કહ્યું કે " મહારાજ! કંકણ કયે ઠેકાણે પડયું, એ બતાવો તો હમણાં જ હું ગોતી કાઢું."

" જોજે હો ! " એમ કહીને ગુરૂજીએ યમુનાની અંદર બીજા કંકણનો પણ ઘા કર્યો; ને બોલ્યા " એ જગ્યાએ !"

શરમીંદો રાજા દિગ્મૂઢ બનીને ગુરૂની સામે જોઇ રહ્યો. ગુરૂજીનું મ્હોં તો મલકતું જ રહ્યું.



કર્ણનું બલિદાન

કુન્તી : તું કોણ છે તાત ? આંહી શું કરે છે ?

કર્ણ : પવિત્ર ગંગાને કિનારે, સંધ્યાના સૂર્યને હું વંદી રહ્યો છું. મ્હારૂં નામ કર્ણ : અધિરથ સારથીનો હું પુત્ર : ને રાધા મારી જનેતા. બોલો માડી, કોણ છો તમે ?

કુન્તી : બેટા ! હું એજ, કે જેણે તારા જીવનને પહેલે પ્રભાતે તને પૃથ્વીનાં દર્શન કરાવ્યાં. લાજ-મરજાદ મેલીને આજ હું મારી ઓળખાણ દેવા આવી છું.

કર્ણ : કાંઇ સમજાયું નહિ, માતા ! તોયે—તોયે તમારી આંખોનાં કિરણો અડયે મ્હારૂં યોદ્ધાનું હૃદય, સૂર્યનાં કિરણોને સ્પર્શે બરફનો પહાડ દ્રવી પડે એવી રીતે ગળી પડે છે. અને તમારો અવાજ તો જાણે મ્હારા આગલા જન્મોમાંથી આવીને અંતરમાં કોઇ અકળ નવી વેદના જગાડે છે. બોલો, બોલો, હે અપરિચિતા ! મારા જન્મની એવી કઇ રહસ્યગાંઠ તમારી સાથે બંધાએલી છે ?

કુંતી : ઘડીવાર ધીરો થા બેટા ! સૂર્યને આથમી જવા દે. સંધ્યાનાં ઘોર અંધારાં સંસાર પર ઉતરવા દે. પછી બધુંયે કહીશ. મારૂં નામ કુંતી.

કર્ણ : તમે કુંતી ? અર્જુનની જનેતા ?

કુંતી : હા ! અર્જુનની–તારા વેરીની હું જનેતા. પણ એજ કારણે તું મને તરછોડતો ના. હજુ યે મને સાંભરે છે હસ્તિનાપુરમાં એ અસ્ત્રપરીક્ષાનો દિવસ. તારાઓની મંડળીમાં જેમ અરૂણ ચાલ્યો આવે તેમ રંગભૂમિની મેદિની વચ્ચે તું તરૂણ કુમાર જ્યારે દાખલ થયો, ત્યારે સ્ત્રીઓના ચકની પાછળ શું શું ચાલી રહેલું ? એ બધી રમણીઓના વૃંદની વચ્ચે, કોણ એ અભાગણી બેઠેલી, કે જેના જર્જરિત હૈયામાં પ્રીતિની હજારો ભૂખી નાગણી જાગતી હતી ? કોણ હતી એ નારી, જેની આંખોએ તારાં અંગેઅંગને આશિષોનાં ચુંબન આપેલાં ? બેટા ! એ બીજી કોઈ કહિ, પણ તારા વેરી અર્જુનનીજ માતા હતી.

પછી કૃપે આવીને તારા પિતાનું નામ પૂછ્યું, 'રાજવંશી વિના અર્જુનની સાથે ઝુઝવાનો કોઈનો અધિકાર નથી' એવું મેણું દીધું, તારા લાલચોળ મ્હોંમાંથી વાચા ન ફુટી, સ્તબ્ધ બનીને તું ઉભો રહ્યો: એ સમયે કોણ હતી એ નારી કે જેના અંતરમાં તારી એ શરમે બળતરાના ભડકા સળગાવેલા ! બીજી કોઇ નહિ, પણ એ અર્જુનની જ જનેતા. ધન્ય છે દીકરા દુર્યોધનને, કે જેણે એજ ક્ષણે તને અંગરાજની પદવી અર્પી. ધન્ય છે એને ! કોની આંખોમાંથી એ પળે આંસુ વછૂટયાં હતાં ? અર્જુનની માતાનાં જ એ હર્ષાશ્રુ હતાં. એવે સમે અધિરથ

સારથી, રંગભૂમિ ઉપર રસ્તો કરતા કરતા, હરખાતા હરખાતા દાખલ થયા. દોડીને તેં એને 'બાપુ' કહી બોલાવ્યા, અભિષેકથી ભીનું તારૂં માથું તેં એ વૃદ્ધ સારથીને ચરણે નમાવ્યું, આખી સભા તાજ્જુબ બનીને તાકી રહી. પાંડવોએ ક્રૂર હાંસી કરીને તને ધિ:કાર દીધો: તે સમે કોનું હૈયું ગર્વથી ફુલાયેલું? કોણે તને વીરમણિ કહીને આશિષો દીધી? એ પ્રેમઘેલી નારી હું-હું અર્જુનની જનેતા હતી, દીકરા!

કર્ણ : આર્યા! મારા પ્રણામ છે તમને. પણ તમે તો રાજમાતા: તમે આંહી એકલાં ક્યાંથી? જાણતાં નથી કે આ રણક્ષેત્ર છે ને હું કૌરવનો સેનાપતિ છું?

કુંતી : જાણું છું, બાપ! પણ હું એક ભિક્ષા લેવા આવી છું. જોજે હો! ઠાલે હાથે પાછી ન વળું.

કર્ણ : ભિક્ષા? મારી પાસે? ફક્ત બે ચીજો માગશો મા, માતા! એક મારૂં પુરુષત્વ, બીજો મ્હારો ધર્મ. ત્રીજી ગમે તે આજ્ઞા કરો, ચરણમાં મેલી દઇશ.

કુંતી : હું તનેજ લઇ જવા આવી છું.

કર્ણ : ક્યાં લઇ જશો મને?

કુંતી : તૃષાતૂર આ હૈયાની અંદર, જનેતાના આ ખોળામાં.

કર્ણ : ભાગ્યવંત નારી! તમને તો પ્રભુએ પાંચ પાંચ પુત્રો દીધા છે. એમાં મારૂં, એક કુલહીનનું, પામર સેનાપતિનું સ્થાન ક્યાંથી હોય?

કુંતી : એ પાંચેથી તને ઉંચે બેસાડીશ, સહુથી મોટેરો કરી માનીશ.

કર્ણ : તમારા ઘરમાં પગ મેલવાનો મારો શો અધિકાર? એક તો તમારા પુત્રોનું રાજપાટ ઝુંટાયું, અને

હવે બાકી રહેલા એના માતૃપ્રેમમાં યે શું હું પાછો ભાગ પડાવું ? જનેતાનો પ્રેમ જુગારમાં નથી મંડાતો, માડી ! જનેતાનું હૃદય બાહુબળથી યે કોઇ ન ઝુંટાવી શકે. એ તો પ્રભુનું દાન છે.

કુંતી : રે બેટા ! પ્રભુનો અધિકાર લઇનેજ તું એક દિવસ આ ખોળામાં આવેલો. આજ એજ અધિકારને બળે તું પાછો આવ. નિર્ભય બનીને ચાલ્યો આવ. જનેતાના ખોળામાં તારૂં આસન લઇ લે.

કર્ણ : હે દેવી ! જાણે કોઇ સ્વપ્નમાં બોલતું હોય, એવી તમારી વાણી છે. જુઓ, જુઓ, ચોમેર અંધારાં ઉતરે છે. દિશાઓ ઢંકાઇ ગઇ છે. ભાગીરથીનાં નીર ચુપચાપ ચાલ્યાં જાય છે. કયા એ માયાવી લોકની અંદર, કયા એ વિસારે પડેલા પ્રદેશમાં, બાલ્યાવસ્થાના કયા એ પ્રભાતની અંદર તમે મને ઉપાડી જાઓ છો ? જુગાન્તરજૂના કોઇ સત્ય સમી તમારી વાણી આજે મારા અંતરની સાથે અથડાય છે. ઝાંખી ઝાંખી મારી બાલ્યાવસ્થા જાણે મારી સામે આવીને ઉભી છે. જનેતાના ગર્ભનું એ ઘોર અંધારૂં જાણે મને ઘેરીને ઉભું છે. રે રાજમાતા ! એ બધું સત્ય હો, કે કેવળ ભ્રમણા હો, પણ આવો સ્નેહમયી ! પાસે આવો અને પલવાર તમારો જમણો હાથ મારે લલાટે ચાંપો. જગતને મ્હોંયે મેં સાંભળ્યું છે કે મારી માએ મને રઝળતો મૂકેલો. રાત્રીએ સ્વપ્નની અંદર કેટકેટલી વાર મેં જોયું છે કે ધીરેધીરે મારી મા મને મળવા આવે, રડીરડીને એને કહું કે "મા! ઓ મા ! ઘુમટો ખોલો. મોઢું બતાવો" —ત્યાં તો સ્વપ્નને છિન્નભિન્ન કરીને મા અદૃશ્ય બની જાય. આજે આ સંધ્યાકાળે, આ

રણક્ષેત્રની અંદર, આ ભાગીરથીને કિનારે, શું એજ મારી સ્વપ્નની માતા કુંતીનું રૂપ ધરીને આવી હશે? નજર કરો મા! સામે કિનારે તો જુઓ! કૌરવોની અશ્વશાળામાં લાખલાખ અશ્વોના ડાબલા ગાજી રહ્યા છે. કાલે પ્રભાતે તો મહાયુદ્ધ મંડાશે. અરેરે! આજ છેલ્લી રાત્રિયે, આટલો મોડો, મારી માતાનો મધુરો અવાજ મેં અર્જુનની જનેતાને મુખે કાં સાંભળ્યો? એના મ્હોંમાં મારૂં નામ આટલું મીઠું તે કાં સંભળાય? આજ મારૂં અંતર "ભાઈ ભાઈ" પોકારતું પાંચ પાંડવોની પાછળ કાં દોડી રહ્યું છે?

કુંતી : ત્યારે ચાલ્યો આવ, બેટા! ચાલ્યો આવ.

કર્ણ : આવું છું, મા! આવું છું. કશુંયે પૂછીશ નહિ, લગારે વ્હેમ નહિ લાવું, જરાયે ફિકર નહિ કરૂં, દેવી! તમેજ મારી માતા! તમારો સાદ પડતાં તો પ્રાણ જાગી ઉઠયો છે. આજ યુદ્ધનાં રણશીંગા નથી સંભળાતાં. મનમાં થાય છે કે મિથ્યા છે એ ઘોર હિંસા, મિથ્યા એ કીર્તિ, એ જય ને એ પરાજય! ચાલો, તેડી જાઓ, ક્યાં આવું?

કુંતી : સામે કિનારે—જ્યાં ઝાંખી ઝાંખી રેતી ઉપર દીવા ઝળહળે છે.

કર્ણ : ત્યાં? મારી ખોવાયેલી માતા શું મને ત્યાં પાછી મળશે? તમારાં સુંદર કરૂણાળુ નયનોની અંદર ત્યાં શું માતૃસ્નેહ સદાકાળ ઝલકી રહેશે? બોલો, દેવી! ફરી એકવાર બોલો, કે હું તમારો પુત્ર છું.

કુંતી : તું મારો વ્હાલો પુત્ર!

કર્ણ : ત્યારે તે દિવસે શા માટે મને આ અંધ અજાણ્યા સંસારમાં ફેંકી દીધેલો? શા માટે મારૂં ગૌરવ

ઝુંટી લીધું, મને કુળહીન કરી નાખ્યો, માનહીન ને માતૃહીન બનાવ્યો? સદાને માટે મને ધિઃકારના પ્રવાહમાં શાને વહેતો મેલ્યો? કુળમાંથી મને કાં કાઢી મેલ્યો? અર્જુનથી મને શા સારૂ અળગો રાખી મૂકયો? એટલેજ ઓ માતા, નાનપણથીજ કોઈ નિગૂઢ અદૃશ્ય ખેંચાણ, હિંસાનું રૂપ ધરીને મને અર્જુનની પ્રત્યે ખેંચી રહ્યું છે. જવાબ કાં નથી દેતાં, જનની?

અંધકારનાં પડો ભેદીને તમારી શરમ મારા અંગેઅંગને ચુપચાપ અડકી રહી છે, મારી આંખોને દબાવી રહી છે. ભલે, તો પછી ભલે, બોલશો ના કે મને શા કારણે તજેલો! બોલશો ના, બોલશો ના, કે શા માટે તમે તમારા સંતાનનાં હાથમાંથી જનેતાનો પ્રેમ ઝુંટવી લીધો! જનેતાનો પ્રેમ : દુનિયાની અંદર પ્રભુનું પહેલવહેલું દીધેલું એ દાન : દેવતાની એ અમોલી દોલત! હાય, એજ તમે છીનવી લીધી! તો પછી બોલો, ફરી વાર મને ખોળામાં લેવા આજ શા કારણે આવ્યાં છો, માડી?

કુંતી : બેટા! વજ્રસમાં એ તારાં વેણ મારા હૈયાના ચરા કરી રહ્યાં છે. તને તજેલો એ પાપે તો પાંચ પાંચ પુત્ર છતાંયે મારૂં હૈયું પુત્રહીન હતું. હાય રે! પાંચ પુત્રો છતાંયે સંસારમાં હું 'કર્ણ, કર્ણ' કરતી ભટકતી હતી. તરછોડેલા એ પુત્રને કાજે તો, રે તાત! હૈયામાં વેદનાની જ્યોત સળગાવી હું દેવતાની આરતી ઉતારતી આવી છું.

આજ મારાં ભાગ્ય ઉઘડયાં, તે તું મને મળ્યો. તારે મ્હોંયે હજુ તો વાચા યે નહોતી ફુટી ત્યારે મેં તારો અપરાધ કરેલો, બેટા! એજ મ્હોંયે

આજ તું તારી અપરાધી માડીને માફી આપજે. તારા ઠબકાનાં વેણથી યે વધુ તાપ તો તારી એ ક્ષમા મારે અંતરે સળગાવશે અને મારાં પાપને પ્રજાળી મને નિર્મળ બનાવશે.

કર્ણ : માતા, ચરણરજ આપો ને મારાં આંસુ સ્વીકારો.

કુંતી : તને છાતીએ ચાંપીને મારૂં સુખ લેવા હું નથી આવી, પણ તારા અધિકાર તને પાછા સોંપવા આવી છું, વ્હાલા! તું સારથીનું સંતાન નથી. તું રાજાનો કુમાર છે, તાત! બધી હીનતાને ફેંકી દે. ચાલ્યો આવ. પાંચે ભાઈઓ તારી વાટ જોવે છે.

કર્ણ : ના, ના, માડી! હું તો એ સારથીનુંજ સંતાન. રાધા જ મારી સાચી જનેતા. એનાથી મોટું પદ મારે ન ખપે. પાંડવોનાં માવતર પાંડવોને મુબારક હો. કૌરવોનું કુલાભિમાન ભલે કૌરવો પાસે રહ્યું. મને કોઈની ઈર્ષ્યા નથી, માતા!

કુંતી : તારૂંજ રાજ્ય હતું. બાહુબળ બતાવીને એ બાપનું રાજ્ય મેળવી લેને! યુધિષ્ઠિર તને ચામર ઢોળશે, ભીમ તારે મસ્તકે છત્ર ધરશે, અર્જુન તારા રથનો સારથી થશે, પુરોહિત વેદના મંત્રો ગાશે, શત્રુઓને જીતી, ચક્રવર્તીને સિંહાસને ચડી જા, બેટા!

કર્ણ : સિંહાસન! જેણે જનેતાના અમોલા સ્નેહને નકાર્યો, તેને તમે તુચ્છ સિંહાસનની લાલચ આપી રહ્યાં છો, દેવી! એક દિવસ મારી જે દોલત–મ્હારો રક્તસંબંધ–તમે ઝુંટવી લીધેલ છે, તે આજ તમારાથી પાછી નહિ દેવાય. મારી માતા, મારાં ભાંડુઓ, મારો રાજવંશ–પલકમાં તો એ બધાંને તમે મારા જન્મને

ટાણેજ સંહારી નાખ્યાં છે. હવે એ ગરીબ માતાને મેલી, હું આજે રાજસિંહાસન લેવા દોડું, તો કોટિ કોટિ ધિ:કાર હજો મને મિત્ર-દ્રોહીને, માતૃદ્રોહીને !

કુંતી : તું સાચો વીર, બેટા ! ધન્ય છે તને ! હાય રે કર્તવ્ય ! તારી શિક્ષા તે શું આવી વસમી ! તે દિવસે–અરેરે તે કમનસીબે દિવસે કોણ જાણતું હતું કે માતાએ રઝળતો મેલેલો નિરાધાર બાળક આવો બળિયો બનશે, ને હાથમાં ખડગ લઇને પોતાના સગા બાંધવોને જ સંહારવા, અંધકારને માર્ગેથી એક દિવસ અચાનક ઝબ-કશે ! હાય રે, આવો તે શો શાપ !

કર્ણ : નિર્ભય રહેજો, માડી ! વિજય તો આખરે પાંડવોનો જ થવાનો છે, આ ઘોર સંગ્રામનું પરિણામ આકાશમાં લખાઇ ચૂક્યું છે, આ શાંત રાત્રીની અંદર પણ, નભોમંડળમાંથી નિરાશાના અને પરાજયના જ પડઘા સંભળાય છે. અમારી હાર હું તો જોઇ રહ્યો છું. જે પક્ષનો પરાજય થવાનો છે એ પક્ષને તજવાનું મને કહેશો ના, માડી ! ભલે પાંડવો જીતે ને રાજા બને. હું તો એ હારનાર પક્ષમાં જ પડયો રહીશ. મારા જન્મની રાત્રીએ જે રીતે તમે મને ધૂળમાં રઝળતો મૂકેલો, નનામો કરીને ગૃહહીન બનાવેલો, આજે એજ રીતે, મનના મોહ મારીને, ઓ માડી ! મને આ અંધારા અને અપકીર્તિકારક પરાભવમાં રઝળતો મેલી દો. માત્ર એટલો જ આશીર્વાદ દેતાં જજો, ઓ જનેતા ! કે વિજય, કીર્તિ અથવા રાજની લાલચે હું શૂરાનો માર્ગ કદાપિ ન મેલું.



નરક–નિવાસ

[રાજા સોમક મરીને આકાશમાર્ગે સ્વર્ગમાં જાય છે. રસ્તામાં નરકપુરી આવે છે. તે કાળનો આ પ્રસંગ છે.]

[નેપથ્યમાં]

ક્યાં જાઓ છો મહારાજ ?

સોમક : કોણ છે એ ? એ કોણ બોલાવે છે મને ? ઘનઘોર અંધારામાં કાંઇયે દેખાતું નથી. હે દેવદૂત ! પલવાર તારા વિમાનને આંહી થંભાવ.

[નેપથ્યમાં]

હે નરપતિ ! નીચે આવો ! નીચે ઉતરો, હે સ્વર્ગના મુસાફર !

સોમક : કોણ છો તમે ? ક્યાંથી બોલાવો છો ?

[નેપથ્યમાં]

સાદ ન ઓળખ્યો રાજા ? મૃત્યુલોકનો હું તમારો પુરોહિત !

સોમક : ગુરૂદેવ! ગુરૂદેવ તમે આંહી? આખા બ્રહ્માંડનાં આંસુ એકઠાં મળ્યા હોય, એ આંસુની વરાળ બની હોય, અને એ વરાળમાંથી જાણે સરજાયેલી હોય એવી આ દુનિયા લાગે છે, આંહી સૂર્ય નથી, નથી ચંદ્ર, કે નથી તારા. ભયંકર કોઈ સ્વપ્ન સમી ઘનઘોર ઉદાસી આકાશના હૃદયને જાણે ચાંપી ચુપચાપ ઉભી છે. આંહી, આવા લોકમાં તમે કાં આવ્યા, પ્રભુ?

પ્રેતો : સ્વર્ગને માર્ગે પડેલી આ દુનિયા, આનું નામ નરકપૂરી. દૂરદૂર આંહીથી સ્વર્ગના દીવા દેખાય છે. સ્વર્ગના મુસાફરો દિવસરાત આંહી થઈને ચાલ્યા જ જાય છે. એના રથનાં પૈડાંનો ઘરઘરાટ અમારા કાનમાં અથડાય, અમારી આંખોમાં એ જોઈને ઝેર વરસે, અમારી નીંદ ક્યાંયે ઉડી જાય. નીચે નજર કરીએ તો ધરતીનાં લીલુડાં વન દેખાય, સાત સાત સાગરનું નિરંતર સંગીત સંભળાય. હાય રે સાગર ગાયા જ કરે, સદા ગાય જ કરે

પુરોહિત : વિમાનમાંથી નીચે આવો હે રાજા!

પ્રેતો : આવો, આવો, ને પલવાર અમારી પાસે રોકાઓ. અમ અભાગીની એટલી આજીજી છે, ઓ પુણ્યશાળી! તાજા ચૂંટેલા ફુલ પર ઝાકળનાં બિન્દુ બાઝયાં હોય, તેમ તમારે શરીરે પણ સંસારનાં આંસુ હજુ ચોંટી રહ્યાં છે. પૃથ્વીનાં ફુલોની, વૃક્ષોની ને માટીની સુવાસ હજુ તમારા દેહ પર મ્હેકી રહી છે. પ્યારા સ્વજનોના સ્નેહની સુગંધ પણ હજુ તમારે શીરે મઘમઘે છે. ઋતુએ ઋતુના મધુરા રંગો પણ તમારા મ્હોં ઉપર હજુ રમી રહ્યા છે, હે રાજન્!

સોમક : ગુરૂદેવ ! આ નરકમાં તમારો નિવાસ ?

પુરોહિત : તમારા કુમારને યજ્ઞમ હોમાવ્યો, એ પાપની આ સજા મળી છે, મહારાજ !

પ્રેતો : કહો, કહો એ કથની, રાજા ! પાપની વાતો સાંભળવા હજુ યે અમારા હૈયાં તલપી ઉઠે છે, માનવીની વાણીમાં જ બોલજો. તમારા કંઠમાં હજુ સુખદુ:ખના કમ્પ ઉઠે છે. તમારા સૂરોમાં હજુ માનવીના હૃદયની રાગરાગણી રણકે છે. કહો એ કથની.

સોમક : હે છાયાશરીરધારીઓ ! હું વિદેહનો રાજા હતો. મ્હારૂં નામ સોમક. કૈં વર્ષો સુધી મેં હવન હોમ કર્યા, સાધુસંતોને સેવ્યા, વૃદ્ધ થયો ત્યારે મને એક બાળક સાંપડયો. એની પ્રીતિના પાસમાં હું પડયો. સૂર્ય સદા પૃથ્વીની સામે જ નિહાળતો ફરે તેમ હું યે મારા એ કુમારની સામેજ જોતો રહ્યો. કમળપત્ર જેમ ઝાકળ-ના કણને જાળવીને ઝીલી રાખે, હું યે મારા એ બાલકને એવા જતનથી જાળવતો હતો. હું રાજધર્મ ચૂકયો, ક્ષત્રિયધર્મ ચૂકયો, સર્વ ચૂકયો. વસુંધરા અપમાન પામી, રાજલક્ષ્મી મારાથી મ્હોં ફેરવી બેઠી. કચેરીમાં એક દિવસ હું કામ કરતો હતો ત્યાં રણવાસમાંથી મેં મારા બાળકની બૂમ સાંભળી. ગાદી છોડીને હું દોડતો અંદર પહોંચ્યો, રાજકાજ રખડતાં મેલ્યાં.

પુરોહિત : એજ સમયે, હું રાજપુરોહિત, હાથમાં ચરણામૃત લઇને દરબારમાં દાખલ થયો. જતાં જતાં રાજાજી મને યે ઠેલતા ગયા. મારા હાથમાંથી અર્ઘ્ય ઢોળાયું. મારૂં-બ્રાહ્મણનું

અભિમાન સળગી ઉઠયું. પલવારમાં તો શરમીંદે મ્હોંયે રાજા પાછા આવ્યા. મેં પૂછયું, બોલો રાજા, એવી તે શી આફત ઉતરી કે તમે બ્રાહ્મણને તરછોડયો, રાજકાજ રખડાવ્યાં, પીડાતા પ્રજાજનોની દાદ ન સાંભળી, પરદેશના રાજદૂતોને આદરમાન ન દીધાં, સામંતોને આસન ન આપ્યાં, પ્રધાનો સાથે વાત ન કરી, મહેમાનો કે સજ્જનોને સત્કાર્યાં નહિ—અને એક પામર બાળકને રડતો સાંભળી, રઘવાયા બની, રણવાસમાં દોડયા ગયા? ધિઃકાર છે, મહારાજ! તમારી મોહાંધ દશાથી ક્ષત્રિયનાં માથાં નીચાં નમે છે. એક બાળકના ભુજ-પાશમાં બંદીવાન બનેલા જોઇને તમારા દુશ્મનો દાંત કાઢે છે. બંધુજનો બીકથી બોલતાં નથી, પણ એકાંતમાં આંસુ પાડે છે, રાજા!

સોમક : બ્રાહ્મણનો એ ફિટકાર સાંભળીને સભા સ્તબ્ધ બની. આતૂર અને ભયભીત નજરે બધા મ્હારી સામે નિહાળી રહ્યા. પલવાર તો મારૂં લોહી તપી આવ્યું. બીજી પળે હું શરમાયો. ગુરૂને ચરણે નમીને હું બોલ્યો કે 'ક્ષમા કરો મહારાજ, હું શું કરૂં? મારે એકજ સંતાન છે. મારો જીવ ઝંપતો નથી. પળે પળે પ્રાણ ફફડી ઉઠે છે, એટલેજ આજે મોહમાં પડીને મેં અપરાધ કર્યો છે. પણ સાક્ષી રહેજો સહુ સભાજનો! આજ પછી કદિ હું રાજધર્મ નહિ ચૂકું, ક્ષત્રીના ગૌરવને લગારે ખંડિત નહિ કરૂં.'

પુરોહિત : આનંદથી સભા ચુપચાપ બની. પણ મ્હારા અંતરમાં તો ઝેરની જ્વાળા સળગતી જ રહી. હું બોલ્યો કે 'વધુ પુત્રો જોઇએ છે, રાજા?

એનો ઇલાજ મારી પાસે છે. પણ એ તો છે મહા વિકટ કામ. તમારી તાકાત નથી.' ત્યાં તો ગર્વથી રાજા બોલ્યા કે 'હું ક્ષત્રીબચ્ચો છું. તમારે ચરણે હાથ મેલીને પ્રતિજ્ઞા કરૂં છું કે હું એ કામ કરીશ.' એ સાંભળીને હસતે મ્હોંયે મેં કહ્યું કે 'સાંભળો ત્યારે. હું યજ્ઞ કરૂં, ને હે રાજા ! તમે સ્વહસ્તે એમાં તમારા એ કુમારનું બલિદાન દેજો. એ બલિદાનનો ધુમાડો સુંઘતાં જ રાણીઓને ગર્ભ રહેવાનો.' એ સાંભળીને રાજાએ ચુપચાપ માથું નીચે ઢાળ્યું. સભાજનોએ કકળાટ કરી મેલ્યો, બ્રાહ્મણોએ મને ધિઃકાર દીધો. પરંતુ રાજાએ ધીરે સ્વરે કહ્યું કે "ક્ષત્રિયનું વચન છે, ગુરૂદેવ! એમ જ કરીશ."

પછી તો ચોમેર સ્રીઓના વિલાપ ચાલ્યા, પ્રજાજનોના ફિટકાર સંભળાયા, સેના આખી વિફરી બેઠી, તો યે એકલા રાજાજી તો અચલ જ રહ્યા. યજ્ઞનો અગ્નિ ભભૂકી ઉઠયો. બલિદાનનો સમય આવી પહોંચ્યો. પણ આસપાસ કોઇ ન મળે. રણવાસમાંથી કુમારને કોણ લઇ આવે ? નોકરોએ ના પાડી, પ્રધાનો ચુપચાપ રહ્યા, દ્વારપાળોની આંખોમાં આંસુ આવ્યાં, ને સેના બધી ચાલી ગઇ.

પણ હું, મોહનાં બંધનોને છેદનારો હું, બધાં શાસ્ત્રોનો જાણનારો હું, પ્રીતિનાં બંધનોને મિથ્યા માનનારો હું—હું પોતે રણવાસમાં પહોંચ્યો. એકાદ ફુલને સો સો ડાળીઓ વીંટળાયેલી હોય, તેવી રીતે એ કુમારને ઘેરીને સો સો રાજમાતાઓ ભયભીત અને ચિંતાતૂર બની બેઠેલી હતી. મને જોતાં તો બાલક હસ્યો,

ને નાના બે હાથ લંબાવ્યા; કાલી કાલી ભાંગીતૂટી બોલીમાં જાણે કાલાવાલા કરતો હોય ને, કે "લઈ જાઓ, આ માતાઓને બંદીખાનેથી મને બહાર ઉપાડી જાઓ. મારૂં નાનું હૃદય રમવા માટે તલસી રહ્યું છે."

હસીને હું બોલ્યો, "આવ મારી સાથે બેટા, મમતાનાં આ કઠિન બંધન ભેદીને તને હમણાં રમવા ઉપાડી જાઉં." એટલું કહીને, બલાત્કાર કરીને, માતાઓના ખોળામાંથી એ હસતા કુમારને મેં ઝૂંટવી લીધો. રાણીઓ મારા પગમાં પડી, મારો માર્ગ રોકયો, મહા આક્રંદ કરી મૂક્યું. હું તો ઝપાટાભેર ચાલ્યો આવ્યો.

જ્વાળાઓ સળગી ઉઠી. રાજા તો પત્થરની પૂતળી સમા ઉભા રહેલા. એ કમ્પતી ને ઝળહળતી જવાળાઓને જોઈ જોઇ બાલક નાચવા લાગ્યો, કલકલ હાસ્ય કરવા લાગ્યો, ને બાહુ લંબાવી જાણે અંદર ઝંપલાવવા આતુર બન્યો. રણવાસની અંદરથી રૂદનના સ્વરો છૂટયા ને બ્રાહ્મણો શાપ દેતા દેતા નગર છોડી ચાલી નીકળ્યા. હું બોલ્યો, 'હે રાજા, હું મંત્ર ભણું છું. ચાલો હોમી દો આને અગ્નિની અંદર.'

સોમક : ચુપ રહો, ચુપ રહો. વધુ વાત કરશો મા હવે !

પ્રેતો : થંભી જા; થંભી જા. ધિઃકાર છે તને ઓ બ્રાહ્મણ! અમે તો ઘોર પાપી છીએ. પરંતુ રે પુરોહિત! જમલોકમાં યે તારી જોડી તો જડે નહિ. તારે એકલાને માટે નોખી જ નરક કાં ન સરજાઇ ?

દેવદૂત : મહારાજ, નિરર્થક આ નરકમાં રોકાઇને વિના પાપે કાં પાપીની વેદના સહી રહ્યા છો ? પધારો વિમાનમાં, બંધ કરો આ ભયંકર વાતો.

સોમક : વિમાનને લઈ જાઓ, દેવદૂત ! મારી ગતિ તો રે બ્રાહ્મણ ! આંહી નરકમાં, તારી સાથેજ. ક્ષત્રીના મદમાં મત્ત બનીને, મારા પોતાના કર્તવ્યની ત્રૂટને ટાળવા ખાતર મારા નિરપરાધી બાળકને-મેં-પિતાએ-અગ્નિમાં હોમ્યો ! મારા નિંદુકોને મારૂં શૂરાતન બતાવવા ખાતર મેં માનવધર્મને, રાજધર્મને, રે ! મારા પિતૃધર્મને બાળી ખાખ કીધો. જીવ્યો ત્યાં સુધી તો એ પાપની જ્વાળામાં સળગતો રહ્યો-હજુયે, હજુયે, એ જ્વાળા હૈયાને નિરંતર દઝાડી રહી છે. હાય રે બેટા ! અગ્નિને તેં બાપનું દીધેલું રમકડું માન્યું. બાપને ભરોસે તેં બે હાથ લંબાવ્યા. ત્યાર પછી એ ભડકાની અંદર અકસ્માત તારી આંખોમાંથી કેવો ઠબકો, કેવી તાજ્જુબી ! ને કેવો ભય ભભૂકી ઉઠેલાં !

હે નરક ! તારા અગ્નિમાં એવો તાપ ક્યાં છે, જે મારા અંતર તાપની તોલે આવે ? હું સ્વર્ગે જાઉં ના, ના ! મારાં પાપ દેવતા ભૂલી શકે. મારાથી શે ભૂલાય એ બાળકની છેલ્લી નજર, એ છેલ્લું અભિમાન ? દિવસરાત નરકના અગ્નિમાં હું સળગ્યાજ કરૂં તોયે, રે બેટા ! તારી એ પલવારની વેદનાનું, બાપની સામે જોઇ રહેલી એ ગરીબ નજરનું, ને પિતાએ કરેલા એ વિશ્વાસઘાતનું વેર નહિ વળી રહે.

[ધર્મરાજા આવે છે.]

ધર્મ : પધારો રાજન્ ! જલદી પધારો ! સ્વર્ગના વાસીઓ તમારી વાટ જોવે છે.

સોમક : સ્વર્ગમાં મારૂં આસન ન હોય, હે ધર્મરાજ ! વિના અપરાધે મેં મારા બાળકને હણ્યો છે.

ધર્મ : અંતરના અનુતાપથી એનું તો પ્રાયશ્ચિત્ત થઇ ચુકયું છે, રાજા! એ પાપનો ભાર ભસ્મ થઇ ગયો છે. નરકવાસ તો આ બ્રાહ્મણને માટે છે, જેણે જ્ઞાનના ગુમાનમાં, લગારે પરિતાપ પામ્યા વિના, પારકાના બાલકને માતાના ખોળામાંથી ઝૂંટવીને હણી નાખ્યો છે. ચાલો પ્રભુ!

પુરોહિત : જાશો ના, ચાલ્યા જાશો ના, મહારાજ! ઇર્ષ્યાના ભડકામાં મને બળતો મેલીને અમરલોકમાં એકલા ચાલ્યા જાશો ના! નવી વેદના પ્રગટાવશો ના! મારે માટે બીજી નરક બનાવશો ના કૃપાળુ! રહો, આંહીજ રહો!

સોમક : તારી સાથેજ હું રહીશ, રે હતભાગી! નરકના આ પ્રચંડ અગ્નિમાં આપણે બન્ને મળી યુગ-યુગાન્તર સુધી યજ્ઞ કર્યા કરશું. હે ધર્મપતિ! આ પુરોહિતનાં પાપ ખવાઇ જાય ત્યાં સુધી આ નરક-માં જ મારૂં નિર્માણ કરો, એની સાથે જ રહેવા દો.

ધર્મ : સુખેથી આંહી રહો, મહીપતિ! નરકને પણ ગૌરવ-વન્તી બનાવો. અગ્નિનો દાહ તમારા લલાટનું તિલક બની જાઓ, અને નરકની જ્વાળા તમારૂં સિંહાસન બની જાઓ.

પ્રેતો : જય હો પુણ્યફળના ત્યાગીનો! જય હો નિર-પરાધી નરકવાસીનો! જય હો મહાવૈરાગીનો! આંહી રહીને હે પુણ્યશાળી, પાપીના અંતરમાં ગૌરવ પ્રગટાવજો, નરકનો ઉદ્ધાર કરજો, શત્રુને મિત્ર બનાવી, જુગજુગ સુધી એક દુઃખાસને બેઠા રહેજો, વાદ-ળાંની સાથે ઝળહળતો સૂર્ય દેખાય તેમ તમારી મૂર્તિ પણ વેદનાના શિખર ઉપર સદાય પ્રકાશી રહેજો! એ જ્યોતિ કદી યે બુઝાશો નહિ!

અમારી આગામી ચોપડીઓ

૧. બહારવટીયો જોગીદાસ

૨. ઓળીપો અને બીજી પ્રેમકથાઓ

વી. પી.નું ખર્ચ વેઠવા કરતાં ચોપડી દીઠ એક આનો પોસ્ટેજ સહિત પાંચ પાંચ આનાની સ્ટેમ્પ જ બીડજો ને !

આવી બીજી ઘણી છપાશે

[illegible]